સત્યં વદ

॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

ધર્મં ચર

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંજી મહારાજશ્રીની પ્રતિકૃતિ

સ્થળ : શ્રી માધવ ગુરૂકુળ – બાકરોલ

ઠે. એસ.ડી. દેસાઈ હાઈસ્કુલની સામે,મુ. બાકરોલ, જી. આણંદ–૩૮૮૧૨૦.

ફોન નં.: (૦૨૬૯૨) ૨૩૧૧૯૭

વર્ષ ૩૮ સંવત ૨૦૭૨ મહા, માર્ચ – ૨૦૧૬, અંક – ૩













**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં મહાસુદ ૧૧ને ગુરૂવાર તા. ૧૮-૦૨-૧૬ ના શુભ દિવસે ભાવનગરથી પીપળીયા**

## ''અખંડ જીવન જ્યોત'' મંદિર

**ના દર્શનાર્થે પદયાત્રાનું આયોજન વી.ડી. સાચપરા અધેવાડા તરફથી થયુ હતું. જેમાં મોટી સંખ્યામાં સેવક સમુદાયે દર્શનનો લાભ લઈ ધન્ય બન્યા હતાં.**

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય
વર્ષઃ ૩૮ / માર્ચ–૨૦૧૬ / અંક–૩

## અનુક્રમણિકા

| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્<br>કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | ૧૩૫ મો નિર્વાણ મહોત્સવ<br>જયેશ લલ્લુભાઈ મોણપરા (સેંદરડા) |
| ૯ | દર્શન આપોને મારા ગુરુજી<br>વાઘાણી ઉષાબેન ચંદુભાઈ (નાના સુરકા) |
| ૯ | સુવાક્ય<br>બ્રહ્મચારીશ્રી જયાનંદજી મહારાજ |
| ૧૦ | કર્મનો સિદ્ધાંત<br>રમીલાબેન ગોરધનભાઈ ગાબાણી (પીપળીયા) |
| ૧૧ | રહસ્યમય સંસાર<br>લત્તા અરવિંદભાઈ માંગુકીયા (દડવા) |
| ૧૨ | ભક્તિથી ધર્મ પરાયણ...<br>રેખાબેન આર. મયાણી (ભાવનગર) |
| ૧૫ | મૃત્યુનો મહિમા<br>હસમુખ પટેલ |
| ૧૮ | કુંભ કી ઉત્પત્તિ...<br>સંકલિત |
| ૧૯ | શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિર<br>સંકલિત |
| ૨૦ | રેલ્વે ટાઈમ–ટેબલ<br>સંકલિત |
| ૨૧ | સત્સંગ સમાચાર<br>સંકલિત |
| ૨૧ | ઉજ્જૈનનાં દાર્શનીક સ્થળો<br>સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર<br>સંકલિત |

જય સચ્ચિદાનંદ
ૐ

## चर्पटपञ्जरिकास्तोत्रम्

*યાવદ્વિત્તોપાર્જન સક્તસ્તાવન્નિજપરિવારો રક્તઃ ।*
*પશ્ચાદ્ધાવતિ જર્જરદેહે વાર્તાં પૃચ્છતિ કોऽપનિ ગેહે ॥*
*ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મુઢમતે ॥ ૯ ॥*

### ભાવાર્થ

અરે ! જ્યાં સુધી પૈસા કમાઈને લાવે છે ત્યાં સુધી તારો પરિવાર તને પ્રેમ કરે છે, જ્યારે વૃધ્ધાવસ્થામાં દેહ જર્જરિત થશે ત્યારે ઘરમાં તારો કોઈ ભાવ પણ નહી પૂછે; તેથી હે મૂઢ ! નિરંતર ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃઞ્ કરણે' ગોખવાથી રક્ષા નહિ થાય. ॥ ૯ ॥

**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા

## વેદ રહસ્ય


વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૭ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

સંકલન કર્ત્રી :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

**આ અવસરમાં પ્રભુને ઓળખો,**
**જ્ઞાન પામવા તત્પર થાજે જો,**
**ચૂક્યો તો ચોરાશીમાં પડયો,**
**એવું જાણી પ્રભુ ગુણ ગાજે જો,**
**આ અવસરમાં પ્રભુને ઓળખો...**
**જેવો સ્વારથમાં શૂરો થયો,**
**એવો પરમારથ આચરતો જો,**
**તો તું પરમાનંદ પદ પામતો,**
**શાને મરતો ને અવતરતો જો,**
**આ અવસરમાં પ્રભુને ઓળખો...**

તો ભગવાનને ભજવાની જરૂર છે અને ઓળખવાની.... બે વાત યાદ રાખો. ભજવા અને ઓળખવા. એટલા માટે સંતો એ બંને વાતો બતાવે-

**હરિ ભજન વિના (૨),**
**દુઃખ દરીયા સંસારનો પાર ન આવે,**
**જડ બુદ્ધિ જીવ (૨),**
**સંત વિના શુદ્ધ મારગ કોણ બતાવે,**
**દેહ મનુષ્ય ધરી (૨),**
**પ્રભુ નવ જાણ્યા તેણે સર્વસ્વ ખોયું,**
**મારા વ્હાલાજી (૨),**
**મહામણિ મેલીને પત્થર ચિત્ત પ્રોયું.**

(સ્વામી પ્રીતમદાસજી)

આ બંને લાઈનમાં બે વસ્તુ બતાવી. હરિનું ભજન ને હરિનું જ્ઞાન. તો પરમાત્માનું ભજન જો કરોને તો જ જ્ઞાન થાય.

એટલું યાદ રાખો. ભજન વગર એટલે પ્રેમ વગર જ્ઞાન થતું નથી. એટલા માટે ભગવાન તરફની પ્રીતિ જોઈએ હવે પ્રીતિ કેમ થતી નથી ? તો જ્ઞાન વગર પ્રિતિ થતી નથી. બંને સાથે સાથે ચાલવું જોઈએ. એક તરફ ભગવાનમાં પ્રેમ વધારવો જોઈએ અને પ્રેમ વધશે ક્યારે ? જયારે સમજણ આવતી જશે ત્યારે એટલે-

**સંત સમાગમ જે જન કરશે,ત્હેને પ્રગટે પ્રેમ જોને,**
**જે ધાતુને પારસ પરસે, તે તો હોયે હેમ જોને.**

(સ્વામી પ્રીતમદાસજી)

સત્સંગ કરેને ત્યારે ભગવાનની મહિમા સમજાય છે. ભગવાનમાં પ્રેમ વધે છે તો ભગવાનનું જ્ઞાન વધારવું. ઉપનિષદોમાં પણ કહ્યું છે. **''શ્રદ્ધા ભક્તિ ધ્યાન યોગાદવેહિ ।''** (કૈવલ્યોપનિષદ્-૩) જો પરમાત્માને જાણવા હોય તો ગુરુમાં ને શાસ્ત્રોમાં દ્રઢ ભક્તિ રાખો. ભગવાનમાં ભક્તિ રાખો અને બરોબર શ્રદ્ધા રાખો. શ્રદ્ધા વગર નહીં અને ધ્યાન રાખીને સાંભળો. મનને બીજે કાંઈ જવા દેશો નહીં. તો એને પરમાત્માનું દ્રઢ જ્ઞાન થશે. એટલા માટે ધ્યાનથી પ્રેમથી આપણે જાણવા જ છે આપણે ભગવાનને મેળવવા છે. ભગવાનનો લાભ લેવો જ છે. ભગવાનમય થઈ જવું છે. એવી દ્રઢ જીજ્ઞાસા રાખીને ધ્યાનથી બરોબર પ્રેમથી શ્રવણ કરવું. અહીં કહે છે કે આ બુદ્ધિને તોડવી નહીં ગુરુ વગર સાચું જ્ઞાન થશે નહીં.

''यां त्वमाय: सत्यधृति र्बतासि ।''

નચિકેતાને યમરાજા કહે છે કે તું તો સત્ય પ્રિતિવાળો છે. તારી (ધીરજ) ધૃતિ બહુ સાચી છે. જે ભોગોને માટે ધીરજ હોય એ 'રાજસિક ધૃતિ' કહેવાય.

ચોરી કરવામાં પાપ કરવામાં ધીરજ જે રાખે એને 'તામસિક ધૃતિ' કહેવાય અને બ્રહ્માનંદની માટે ધીરજ રાખે એને 'સાત્ત્વિક ધૃતિ' કહેવાય.

**ધૃત્યા યયા ધારયતે, મનઃપ્રાણેન્દ્રિયક્રિયાઃ**
**યોગેનાવ્યભિચારિણ્યા, ધૃતિઃ સા પાર્થ સાત્ત્વિકી**
(ગીતા-અ-૧૮-૩૩)

'ધર્મ, અર્થ, કામ અને મોક્ષ' એમાં ધર્મ, અર્થ અને કામને માટે જે ધીરજ રાખે એ રાજસિક ધૃતિ છે. છળ કપટ દગા અન્યને માટે ધીરજ રાખે એ તામસિક ધૃતિ છે. નચિકેતાને યમરાજા કહે છે કે તારી સત્ય (સાત્ત્વિક) ધૃત્તિ છે. તું સત્યમાં સ્થિર થયેલો છો. એટલા માટે તારું અવશ્ય કલ્યાણ થશે અને નચિકેતાને (યમરાજા) ત્યાં સુધી કહે છે કે તારી જેવા પૂછવાવાળા મને મળે એવી હું ઈચ્છા પણ રાખું છું.

**कर्मफल की अनित्यता**

**जानाम्यहम् शैवधिरित्यनित्यं**
**न ह्यध्रुवैः प्राप्यते हि ध्रुवं तत्।**
**ततो मया नाचिकेत श्चितोऽग्नि-**
**रनित्यैर्द्रव्यैः प्राप्तवानस्मि नित्यम्॥१०॥**
॥१-२-१०॥

હવે ખાસ કરીને આગળ **''जानाम्यहम् शैवधिरित्यनित्यं''** કર્મનું ફળ અનિત્ય છે. એ હું જાણું છું મેં તને આ બધું દેવાનું કર્યુ એ પરીક્ષાને ખાતર... એટલા માટે તું નક્કી કરી લે. **''न ह्यध्रुवैः प्राप्यते हि ध्रुवं तत्।''** એ સિધ્ધાંત યાદ રાખો બરોબર આ અધ્રુવ પદાર્થોથી ધ્રુવમાં જલ્દી સ્થિર થવાતું નથી. તમે ચંચલ વસ્તુ પર ઊભા રહો તો સ્થિર થઈ શકો ? બોલો ? કેમ કે વસ્તુ ચંચલ હોય તો તમારે સાથે સાથે હલવું જ પડે. જેમ હાથી ઉપર બેસો તો સ્થિર રહેશો અને ઊંટ ઉપર બેસો તો હલવું પડે. એમ અનિત્ય પદાર્થો તો અનિત્ય થઈ જાય એનો આધાર તો તૂટી જાય પછી રહી શકાય નહીં એટલે સદાય યાદ રાખવું કોઈએ એમ કહ્યું કે "અનિત્ય દ્વારા નિત્ય મેળવો" એમ કહ્યું ત્યારે શું સમજવું કે અનિત્યને સાધન કરી દેવું ને પેલાને (નિત્યને) સાધ્ય એટલે સીધે-સીધું સ્થિર નો થાય એમ એનો અભિપ્રાય છે. એનો (અનિત્યનો) ત્યાગ કરીને સત્યમાં સ્થિર થવું તો એને સાધન બનાવવું એટલા માટે કહે છે કે સ્થિર દ્વારા સ્થિર સુખ મળે ને અસ્થિર દ્વારા અસ્થિર સુખ મળે. કે હું જાણવા છતાં મેં જે કર્મ કર્યા **''जानाम्यहम्''** પદાર્થ પ્રાપ્ત કર્યુ પણ આ અન્ય પદ પણ સ્થિર નથી. એટલા માટે હે નચિકેતા, તે બહુ પણ ઉત્તમ પ્રકારના વૈરાગ્યને ધારણ કર્યો છે.

**नचिकेता के त्याग की प्रशंसा**

**कामस्याप्तिं जगतः प्रतिष्ठां**
**क्रतोरनन्तमभयस्य पारम्।**
**स्तोममहदुरुगायं प्रतिष्ठां दृष्ट्वा**
**धृत्या धीरो नचिकेतोऽत्यस्त्राक्षी॥११॥**
॥१-२-११॥

જગતમાં જે કામના હોય એ ભોગની પરિતૃપ્તિ અને જયાં અક્ષય પરમ સુખ જે છે અને જે મહાન સ્તુતિવાળું છે. મહાન પ્રસિધ્ધિવાળું આવી બધી પ્રતિષ્ઠાઓ તે છોડી તારામાં ખૂબ વૈરાગ્ય છે. એટલા માટે તું પરમાત્માનું જે સ્વરૂપ અત્યંત દુર્લભ છે. તેને ધ્યાનથી તું સાંભળ.

**आत्मज्ञान का फल**

**तं दुर्दर्शं गूढमनुप्रविष्टं**
**गुहाहितं गहवरेष्ठं पुराणम्।**
**अध्यात्मयोगाधिगमेन देवं**
**मत्वा धीरो हर्षशोकौ जहाति॥१२॥**
॥१-२-१२॥

હવે યમરાજા કહે છે કે આ જ્ઞાનથી પેલો લાભ થશે હરખ અને શોક જાય. શું જાય ? બોલો ? હરખ અને શોક એ કેવું તત્ત્વ છે ? **''तं दुर्दर्शं''** કે પરમાત્મા જે એ છે એ **'दुर्दश'** છે આત્મા એ **'दुर्दश'** એટલે આંખેથી દેખાય શકતા નથી. શું કામ નથી દેખાતા ? **''गूढम्'' 'ગૂઢમ્'** એટલે અંદર છીપી ગયેલું છે, જેમ તમારા કપડામાં રૂ દેખાય છે ? બોલો ? માટી દેખાય છે ? તો બધાના કપડામાં 'રૂ' ય છે ને 'રૂ' બાળી નાખો તો શું થઈ જાય ?...માટી પણ છે. હવે જયાં રૂ સુધી માટી સુધી દેખાય છે તો માટીની અંદર જળ છે જળની અંદર તેજ, તેજની અંદર વાયુ, વાયુની અંદર આકાશ, આકાશમાં મહતત્ત્વ, મહતત્વમાં પ્રકૃતિને પ્રકૃતિની અંદર પરમાત્મા કેટલા પડદા થઈ ગયા ? બોલો ? આ-

**''માયા પડદો દૂર કરે તો,**
**બ્રહ્મ જણાવે સ્પષ્ટ જોને.''**
**'જેને હીંડું હું ખોળતો, તે મુજને મુજમાં મળે,**
**માયા પડલ પરા કરો, જેમ દિવ્ય લોચન ઉઘડે,**
**મુને સકલ સૂઝે સેહેજમાં, પરિબ્રહ્મ પરમાત્મા જડે.'**
(ગોપાલ દાસની અરજી)

તો આપડે જેટલા બધા બેઠા છે બધામાં અસ્તિ, ભાતિ, પ્રિય રૂપમાં બ્રહ્મ છે. તો બધામાં 'છે' કહો છોને, બોલો ? આ જેટલા બેઠા એ બધાને 'છે' કહેવાય કે નો કહેવાય ? રામ છે, કૃષ્ણ છે, શ્યામ છે, ભાઈ છે, બેન છે, ગુરુ છે, માતા છે, પિતા છે, વડીલો છે બધામાં છે છે ને છે. તો 'છે' પણું છેને એ અસ્તિત્ત્વ બ્રહ્મનું સ્વરૂપ છે પછી બધુય દેખાય છે એ ભાતિ બ્રહ્મનું સ્વરૂપ છે અને બધું સારું છે એ બ્રહ્મનું સ્વરૂપ છે અને બીજું નામ અને રૂપ પટેલ છું. બ્રાહ્મણ છે ને ક્ષત્રિય છે ને સ્ત્રી છે ને પુરુષ છે ને ભગત છે ને જગત છે આ બધા નામો-

**ઘાટ ઘડીયા પછી નામ રૂપ જૂજવા,**
**અંતે તો હેમનું હેમ હીએ.**

(નરસિંહ મહેતા)

જેમ સોનીને તમે ગણેશજી ને ઉંદર એમ બે આપો પણ સોની અગ્નિમાં નાખે તો ઉંદરય ન રે'ને ગણેશય ન રે'. એમ જ્ઞાનીની સામે આ બધું જગત મૂકો તો જ્ઞાની જ્ઞાન અગ્નિમાં એ તપાવીને કોઈ નામય ન રે ને રૂપ, જાતિ, ગુણ કાંઈ નો રે. **''ચિદાનંદરૂપઃ શિવોહં શિવોહં''** એટલે હું બ્રાહ્મણ, ક્ષત્રિય, વેશ્ય, ક્ષુદ્ર નથી. હું કાળો, ધોળો, પીળો નથી. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર હું નથી. હું બધાનો સાક્ષી ચિદાનંદ સ્વરૂપ છું. એ અભ્યાસ જયારે થઈ જાય તો જેમ સોનું અગ્નિ દ્વારા બાળી નાખવાથી ઉંદર કે ગણેશ કાંઈ રહ્યા નહીં પણ સોનુ સોનુ ને સોનુ. એમ જ્ઞાનીની દ્રષ્ટિમાં આખુ (જગત) વિશ્વ બ્રહ્મ સ્વરૂપે દેખાય. પણ આ નામ-રૂપનો પડદો જે દૂર કરે નામ-રૂપ ખોટા છે એમ બુદ્ધિમાં સમજી અને અંદર બ્રહ્મ દ્રષ્ટિએ જોતા શીખવું-

**''અસ્તિ ભાતિ પ્રિયરૂપ બ્રહ્મનું,મિથ્યા છે સંસાર;**
**નામ રૂપને ટાળી જોશો, તો જડશે તુજને સાર;**
**ઈશ અંતરમાંથી મળશે,અવિદ્યા મૂલથકી બળશે;**
**ઉઘડશે અંતરની બારી;બ્રહ્મ સદ્રૂપ સુખાકારી.''**

(શ્રી જયદેવજી)

તો અત્યંત બુદ્ધિમાં સ્થિર થયેલો, ઉપરામ બધા કરતાં જુદું જે પરબ્રહ્મ તત્ત્વ છે **'अध्यात्मयोगाधिगमेन देवं मत्वा'** કે અધ્યાત્મ ચિંતન કરીને આત્માનું ચિંતન કરીને જયારે આત્મજ્ઞાન મનન કરીને દ્રઢ કરો તો- **''हर्षशोकौ जहाति''** શું છૂટી જાય છે ? બોલો ? હરખ અને શોક.

**હરખ ને શોકની ના'વે જેને હેડકી રે,**
**એને રે કહીએ પ્રભુના દાસ રે.**

તો ધ્યાનથી થોડું સાંભળો. બે ભાગ પાડો. પેલા તો આત્મા ને શરીર. કોણ કોણ ? બોલો ? ...હવે, શરીરમાં ત્રણ શરીર સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર ને કારણ શરીર. તો આંખે જે દેખાય તમે અત્યારે બધાના શરીર જોઈ રહ્યા છો તો એનું નામ તો "સ્થુળ શરીર" છે અને મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ પ્રાણ એ બધા તત્ત્વોનું નામ "સુક્ષ્મ શરીર" કહેવાય. તો પ્રાણય દેખાતા નથી. દેખાય કોઈને ? બોલો ?...અનુમાન કરી શકો કે પ્રાણ હાલે છે (દિખાતા) નથી છતાં પણ આંખે દેખાતા નથી. એમ ઈન્દ્રિયો પણ 'અતિન્દ્રિય' નાકનો ગોળો દેખાય પણ અંદર એ ઈન્દ્રિય છે કે નહીં એ કાંઈ આંખે દેખાતી નથી. એમ બધી જ હાથ, પગ, કાન છેને એ બધાના ખોખા છે. પણ અંદર જે નો દેખાય એનું નામ ઈન્દ્રિયો છે. તો પાંચ પ્રાણ (પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન), પાંચ જ્ઞાનેન્દ્રિય (ત્વચા, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસના), પાંચ કર્મેન્દ્રિય (વાક, પાણિ, પાદ, ઉપસ્થ, ગુદા) મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર આ બધા તત્ત્વોનું નામ સૂક્ષ્મ શરીર છે અને અજ્ઞાન જે છે એનું નામ "કારણ શરીર" છે તો ત્રણેય શરીરને જાણવાવાળો જે હોય એનું નામ "આત્મા" રહ્યું યાદ ? બોલો ? છોકરા. ત્રણે શરીરને જાણે એનું નામ આત્મા. એટલા માટે આત્મા જે છે એ બધાને જાણવા વાળો છે.

**સોહં પ્રકાશક સરવનો, સાક્ષી શુદ્ધ સ્વરૂપ,**
**પ્રીતમ તે પરમાત્મા, એ છે અકળ અરૂપ,**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી...**

(સ્વામી પ્રિતમદાસજી)

**''मत्वा धीरो हर्षशोकौ जहाति ।''**

તો ધ્યાનથી હવે સાંભળો છોડવાનું શું ? હર્ષ અને શોક. જો આત્માના સ્વરૂપને જાણો તો હર્ષ-શોક મટે. તમારું પોતાનું સ્વરૂપ કેવું છે ? કે વધેય નહીં ને ઘટે ય નહિ. બે શબ્દો જ અત્યારે યાદ રાખો. ઝાઝા હોય તો નહિ યાદ રે'. કેટલું યાદ રાખો ? બોલો ? કે આત્મા વધતોય નથી ને ઘટતો ય નથી. આવતો નથી ને જતો નથી. જન્મતો નથી અને મરતો નથી કાળો થતો નથી ને ધોળો થતો નથી સુખી થતો નથી ને દુઃખી થતો નથી. બે શબ્દો ખાસ કરીન પકડો, સુખી થતો નથી ને દુઃખી થતો નથી. એ ખાસ યાદ રાખો. જો એ જ્ઞાન રહેશેને તો હરખ ય નહિ રહે ને શોક ય...શું

નકર એમ થાય કે મને સુખ થયું ને મને દુ:ખ થયું તો સુખ-દુ:ખ મનને થાય કે આ આત્માને થાય, બોલો ? મનને થાય. તો સુખ-દુ:ખ મનનો ધર્મ છે. કોનો છે ? બોલો ? મનનો ધર્મ છે.

**સુખ ને દુ:ખ તો મનના ધર્મ રે જાણવા,**
**આત્મા તો શુદ્ધ સ્વરૂપ રે,**
**ઉત્તર શાણા શિષ્યો રે સાંભળો.**

તો રોજ દ્રઢ કરવું કે સુખ દુ:ખ મનનો ધર્મ છે એટલે મનને થાય છે. આત્માને થતું નથી. એટલે હું આત્મા છું એટલે મને સુખ ય નથી ને દુ:ખ ય નથી તો તમને હરખ ય નહીં ને શોક ય નહીં. તો હરખ-શોક પણ મનના ધર્મ છે. કોને હરખ શોક થાય ? બોલો ? (મનને) પણ નો થાય એ વધારે સારું. થોડો થોડો મનનો સ્વભાવ હોવાથી સાવ મનમાંથી જતા નથી. એટલે મનમાં થોડા ઘણાં રહે તો ગભરાવું નહીં પણ મને નથી એમ સમજવુ. શું સમજવું ? બોલો ? મને એટલે આત્માને હરખ ય નથી ને શોક ય નથી. કેમ કે હું વધતો ય નથી ને ઘટતોય નથી. જન્મતો નથી ને મરતો નથી. આવતો નથી ને... મારામાં કાંઈ સારું મોળું થતું નથી. એમ દ્રઢ કરવું. તમને (શરીરને) સારાં કપડાં મળે એટલે આત્મા સારો થઈ જાય ? બોલો ? શરીર જુવાન હોય એટલે આત્મા સારો થઈ જાય અને ઘરડું થાય એટલે મોળો થઈ જાય ? એટલે શરીર ઘરડું હોય તોય આત્મા એવો રહે અને શરીર જુવાન હોય તોય એવો ને એવો આત્મા રહે એમ આત્મા એકરસ છે. એટલે આગળ ઉપનિષદમાં કહે છે-

**अशरीरम् शरीरेष्वनवस्थेष्वस्थितम् ।**
**महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥**
**॥૧-૨-૨૨॥**

એમ આગળના મંત્રોમાં બતાવશે. અત્યારે ધ્યાનથી યાદ રાખો હરખ-શોક છોડવા માટેનું જો જ્ઞાન બરોબર આત્માનું (જ્ઞાન) થઈ જાય તો હરખય નો રે' ને શોકયનો રે'. તો જયારે જયારે હરખ-શોક થાયને ત્યારે આત્મજ્ઞાનને સંભારી લેવું કે મારે હરખ-શોક કરવાની જરૂર નથી. હર્ષ કેમ ન કરવો ? ગમે તે તમે ઝાઝું ભજન કરી લીધું હોયને તોય હરખાઈ ન જવું. કોઈ હમણે મેળો કરી આવ્યા હોય તો હરખમાં આવી જાય અને બીજાએ બીચારાએ ન કર્યો હોય તો એને સમજે હલકા ને આપણે... એમ અભિમાનમાં પણ ચડવું નહીં. જો હરખમાં ચડયા તો બીજે પાછો પડવાનો વારો પણ આવશે કેમ કે કયાંક સારું કર્યુ તો કયાંક પાછું ઘરનું કામ નો કર્યુ ને બીજાએ કર્યુ એટલે ત્યાં શું થઈ ગયા તમે ? બોલો ? કે ભાઈને કામ સોપ્યું ને પોતે મજા કરવા વયા.... તો એટલે એક તરફ સારું થયું પણ ઘરનું (કામ) કર્તવ્ય ન નિભાવ્યું એટલે શું થયા ? બોલો ? મોળા પણ થયા. પણ જો એનો તમે હરખ (અભિમાન) નો કરો તમને સારાપણું નો મળે ને મોળાપણું પણ... નહિતર પછી એક તરફ સારું થશે તો બીજી તરફ મોળું થશે એ ધ્યાન રાખજો આ જગતના બે ભાગ છે અનાદિ કાળથી કેમ કે જગતમાં આ કામ કરો તો પેલું કામ રહી જાય ને ઓલું કામ કરો તો આ કામ રહી જાય. બે માંથી એક થાય. બેય એક સાથે થતા નથી. એટલે હરખ શોક ન કરવો. મે ઝાઝું ભજન કર્યું મે ઝાઝું આ કર્યુ એનું (અભિમાન) હરખ ન રાખવો ને મારાથી મોળું થયું એનો શોક પણ રાખવો નહીં. કેમ કે શરીર એક કામ કરે છે. બધાય કામો કરી શકતું નથી. અને આત્મા તો એકેય કામ કરતો નથી. એ તો કેવળ જાણવા વાળો છે. શું છે ? બોલો ? કે આત્માને કેવો સમજવો ! તો અત્યારે લાઈટ સામે દેખાય છે ને સૂર્ય તો નથી દેખાતો શાસ્ત્રોમાં સૂર્ય સમાન કહ્યું કે-

**आत्माकी असङ्गता**

**सूर्यो यथा सर्वलोकस्य चक्षु-**
**र्न लिप्यते चाक्षुषैर्बाह्यदोषैः ।**
**एकस्तथा सर्वभूतान्तरात्मा**
**न लिप्यते लोकदु:खेन बाह्यः ॥**
**॥૨-૨-૧૧॥**

જેમ સૂરજ બધે પ્રકાશ કરતો હોય છે. કયાંક મંદિરમાં ભજન થતું હોય, કયાય બીજે સીનેમામાં રાગ-નાચ થતા હોય, કયાંક કતલ ખાનામાં જીવો મરતા હોય, કયાંય દરિયા કિનારે માછલા મરાતા હોય, કેટલાય યુદ્ધો મારા-મારી થતી હોય, રોડ ઉપર એકસીડન્ટ થતા હોય. તો કયાંક ભજન થાય છે. કયાંક મોજ-શોખ થાય છે કયાંક મરવાનું પણ થાય છે. કયાંક પાપ થાય છે ને કયાંક પુણ્ય પણ થાય છે. તો કયાંક પુણ્ય-પાપથી રહિત થવાનું પણ ચાલે છે. હવે, સૂર્યને એમાં કાંઈ લાગે-વળગે નહીં. સૂરજ તો બધાને પ્રકાશ આપે. બીજુ પંચદશીની અંદર દીવાનું દ્રષ્ટાંત બતાવ્યું કે-

**ક્રમશ...**

જયેશ લલ્લુભાઈ મોણપરા
(સેંદરડા)

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય અર્ચનીય વંદનીય અનંત શ્રી વિભૂષિત પરમહંસ પરિવ્રાજકાચાર્ય મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીના ચરણોમાં મારા કોટી કોટી વંદન...

આજના શુભ અવસરમાં આપણને ગુરૂ ભક્તિ વિશે વિચારવાનો સમય પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી મળ્યો છે. આ પ્રસંગે આપણે શ્રેષ્ઠ શ્લોકોમાનો એક શ્લોક વિશે સમજીએ અને તેને આપણા જીવનમાં અનુસરીએ...

**ધ્યાનમૂલં ગુરો મૂૅર્તિ પૂજા મૂલં ગુરોઃ પદમ્ ।**
**મંત્રમૂલં ગુરોર્વાક્ય મોક્ષમૂલં ગુરોઃકૃપા ॥**

ગુરૂ ગીતાનો આ શ્લોક અમૂલ્ય અને અદ્વિતીય છે. પ્રથમ પંક્તિમાં કહે છે કે નિયમિત દરરોજ, ગમે ત્યાં હોઈએ; ખેતરમાં, ઘરમાં, ઓફીસમાં, ચાલતા, ઊઠતા, ખાતા, પીતા હંમેશા ગુરૂમૂર્તિનું ધ્યાન ધરવું જોઈએ. ગુરૂ સાક્ષાત્ પ્રગટ ભગવાન છે.

**''તેમાં આણીશમાં દેહભાવ કે,મોટો મર્મ છે જી રે''**
**''તેની પૂરે છે સાંખ્ય પૂરાણ કે,પૂરણ બ્રહ્મ છે જી રે''**

આખુ વિશ્વ બ્રહ્મ સ્વરૂપ છે. માતા પિતા પ્રગટ ભગવાન છે. બધામાં ભગવાન છે એવું સમજી કોઈની સાથે વેરભાવ રાખવો નહિ. દેહદ્રષ્ટિની જગ્યાએ આત્મદ્રષ્ટિ કેળવવી જોઈએ. શ્લોકની બીજી પંક્તિમાં કહે છે કે શ્રી સદ્‌ગુરૂ ભગવાનના ચરણોનું હૃદયપૂર્વક પૂજન કરવું જોઈએ, સદ્‌ગુરૂના ચરણને પૂજવાથી આખા બ્રહ્માંડના નિયંતા ભગવાનનું પૂજન થયેલું શાસ્ત્રોમાં કહેવાયેલું છે. શાસ્ત્રો આપણી ધરોહર છે. શાસ્ત્રો આપણને શીખવાડે છે કે કયો રસ્તો સાચો છે, કયો ખરાબ, કયા આપણા સાચા શત્રુ છે અને કયા આપણા મિત્ર માટે

**''સદ્‌ગુરૂ શરણ વિના અજ્ઞાન નિમર ટળશે નહી રે,**
**જન્મ મરણ દેનારૂ આ બીજ ખરૂ બળશે નહી રે.''**

શ્લોકની ત્રીજી પંક્તિમાં કહે છે કે શ્રી ગુરૂના વચનો, એમણે કહેલા વાક્યો મંત્ર સમાન જાણવા. આપણે આવું દિવ્ય જ્ઞાન, સ્વામીજીના મુખારવિંદથી સાંભળીએ છીએ અને સાંભળતા રહીશું. એમનું જ્ઞાન આપણે સમજીએ અને એમણે કહેલા અને સીંધેલા માર્ગને અપનાવીએ અને અનુસરીએ. ખોટા વિષયોના સુખમાં વધારે સમય ના ગાળીને સાચુ સુખકારક કાર્યોમાં આપણે આપણો સમય વિતાવવો જોઈએ. જયારે નવરા હોઈએ ત્યારે સદ્‌ગુરૂ ભગવાનનો સત્સંગ સાંભળીએ. મોબાઈલની અંદર ફિલ્મોના ગીત રાખવા કરતા સ્વામીજીનો સત્સંગ રાખીએ અને જયારે સમય મળે ત્યારે એને સાંભળી સાચા આનંદને પ્રાપ્ત કરીએ.

**''સંતના શબ્દો સવા સવા લાખના રે.''**

સ્વામીજી ઘણી વખત કહેતા કે તમે તમારો સમય શેમાં વિતાવો છો. વ્યસનમાં, નિંદ્રામાં, ફરવામાં, સત્સંગમાં, સેવામાં કે શેમાં ? આનો વિચાર કરવાથી તમને એવું જરૂરથી સમજાશે કે મારા સમયનો હું કેટલો બગાડ કરી રહ્યો છું. સારી ટેવો પાડો, બાળકોને સારી ટેવો શીખવાડો અને વડીલોને માન આપો.

શ્લોકની ચોથી પંક્તિમાં કહે છે કે જયારે શ્રી સદ્‌ગુરૂ ભગવાનની કૃપા થાય ત્યારે જ આપણને મોક્ષ મળે છે. ગમે તેટલુ તમે જપ, તપ, તીરથ કરશો પણ ગુરૂકૃપા નહી મેળવો તો તમારૂ કરેલું નકામુ જશે. ગુરૂ કૃપા કયારે થાય ? જયારે તમે અધિકારી બનો.

**અધિકારીને જ્ઞાન આવે ને આતમ લક્ષ્ય અભંગ,**
**કહે અખો મુમુક્ષુ જનને, સદાચ ફળે સત્સંગ,**
**સંગત તેને શું કરે.**

સારા માણસોની સંગત કરશો તો તમે આ માર્ગમાં જલ્દીથી સફળ થશો. અધિકારીના લક્ષણોમાં, અભિમાન ન કરવુ, હૃદય નિર્મળ બનાવવું, અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) શુદ્ધ બનાવવું અને વ્યસન, દુરાચાર અને ખરાબ ટેવો છોડવી. આ જ્ઞાન આપણને સદ્‌ગુરૂ મહારાજશ્રી વર્ષોથી આપતા આવ્યા છે અને આપતા રહેશે. આપણે અધિકારી બનીને ગ્રહણ કરવાની શક્તિ મેળવવાની હોય. મોટા સ્વામીજી ઘણી વખત કહેતા કે નદીની અંદર તમે નાનો લોટો લઈને જાવ તો ઓછું પાણી મળે અને મોટો લઈને જાવ તો વધારે પાણી મળે. એમાં નદી કોઈને કંઈ

કહેતી નથી અને રોકતી પણ નથી.

સ્વામીજી મહારાજ બધાને એકસરખુ જ્ઞાન આપે છે. આ જ્ઞાન અમૂલ્ય છે. જો આપણે સમજી, વિચારી અને કહેલા શ્લોકનો અર્થ સમજીએ તો આપણે ચોક્કસ એને અનુકરણ કરી શકીશું.

આજના આ નિર્વાણ તીથી મહોત્સવ પ્રસંગે આપણને આપેલા જ્ઞાનને વાગોળીએ અને જીવનની અંદર એને વધુને વધુ અનુસરીએ. જયારે આપણા સદ્‌ગુરૂ ભગવાન શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ હોય અને આપણે ઘણા પુણ્યથી પ્રેરીત થઈને આ સત્સંગનો લાભ લેતા હોઈએ ત્યારે આપણે કેમ આવું જ્ઞાનનો ઉપયોગ આપણા જીવનમાં ન કરીએ ?

ચલો, આપણે આપણા જીવનને વધારે ઉન્નત, જ્ઞાનમય, સુખમય, આનંદકારક અને સચ્ચિદાનંદ સ્વરૂપ બનાવીએ એવી સદ્‌ગુરૂ ભગવાનના ચરણોમાં પ્રાર્થના...

## દર્શન આપોને મારા ગુરુજી

**વાઘાણી ઉષાબેન ચંદુભાઈ**
**(નાના સુરકા)**

દર્શન આપોને મારા ગુરુજી રે,
આવી ઊભો છું દ્વારા મારા ગુરૂજી...દર્શન
વિયોગનું દુઃખ વસમું પડે રે,
કોને કહું દિલડાની વાત મારા ગુરૂજી...દર્શન
મનડું મલકે છે તમારા જ્ઞાનમાં રે,
હૈયું નથી, રેતું હવે હાથ મારા ગુરૂજી...દર્શન
સુઘડ ને આકરૂ ગોતી વળ્યા રે,
તમે મળ્યા ચાણોદ ધામ મારા ગુરૂજી...દર્શન
સાકર શ્રીફળ સાથે લાવીયા રે,
લાવ્યા છે ફૂલનો હાર મારા ગુરૂજી...દર્શન
વિલંબના કરો હવે ગુરૂજી રે,
લળી લળી લાગું પાય મારા ગુરૂજી...દર્શન
દર્શન આપોને મારા ગુરૂજી રે,
આવી ઉભો દ્વાર મારા ગુરુજી...દર્શન

## સુવાક્ય

**બ્રહ્મચારીશ્રી જયાનંદજી મહારાજ**

- કોઈ પણ પ્રકારનું વ્યસન કરવું તે મોતને આમંત્રણ દેવા બરાબર છે.
- ઘરમાં સંપ તે સ્વર્ગની સમાન છે.
- મીઠી વાણી બોલવી એ મહાન કલાકારી છે.
- સત્સંગ અને સ્વાધ્યાય દિવ્ય દ્રષ્ટિ પ્રદાન કરે છે.
- બીજાનું ખરાબ કરવાથી પોતાનું જ ખરાબ થાય છે.
- બીજાનું સારું કરવાથી પોતાનું સારું થાય છે.
- આધ્યાત્મિક સમ્પત્તિ તે સાચી સમ્પત્તિ છે.
- પરમાત્માની સમાન દ્રષ્ટિ છે. છતા પણ ભક્ત ભગવાનને વધારે પ્રિય છે.
- પોતાનું કલ્યાણ કરવા માટે પોતે જ તત્પર રહેવું જોઈએ.
- સમય સોના કરતા કીંમતિ છે. વેડફો નહી.
- પરોપકાર તે સુખની ચાવી છે.
- નીતિએ ધર્મનો પાયો છે.
- કર્મ કરતા પહેલા પરિણામનો વિચાર કરો.
- સત્યનો જ હંમેશા વિજય થાય છે.
- મનુષ્ય જેવું વિચારે છે તેવો જ બને છે માટે સારુ વિચારો.
- સહન શીલતા તે સમુદ્રની સમાન છે.
- પરાધીનતાને ઠોકર મારો સ્વાધીનતાને અપનાવો.
- પુરુષાર્થ વગરનું પ્રારબ્ધ પાંગળું છે.
- નિડરતા તે સફળતાનું સોપાન છે.
- હંમેશા આનંદમાં રહેવું તે પરમાત્માની ઉત્તમ ભક્તિ છે.
- સ્વાસ્થ્ય મોટામાં મોટી સમ્પતિ છે માટે તેની રક્ષા કરો.
- સર્વ પ્રાણીની અંદર પોતાનો જ આત્મા છે કોઈ ને દુઃખ ન દો.

# કર્મનો સિદ્ધાંત

રમીલાબેન ગોરધનભાઈ ગાબાણી
(પીપળીયા)

કોઈ ગામમાં એક નિશાળનો ઓરડો બાંધવાનો કોન્ટ્રાકટ આપ્યો હોય. તેમાં કોન્ટ્રાકટર ઓરડો તો બાંધે... કર્મ યોગ કરે પરંતુ આ નિશાળમાં ભણીને તેમાંથી કોઈ જવાહાર, સરદાર કે ગાંધીજી પાકશે એવો તેના મનમાં ભક્તિભાવ ના હોય. અગર તો ઓરડો બાંધવામાં કેટલી સિમેન્ટ અને કેટલા ચૂનાનું મિશ્રણ કરવું તેનું જ્ઞાન ના હોય તો તે નિશાળનો ઓરડો પહેલી પંચ વર્ષીય યોજનામાં બાંધેલો હોય તે ત્રીજી પંચવર્ષીય યોજનામાં હેઠો પડે સારું લુગડું, અંતરપટ ગંદુ થયું હોય તેને મારે સ્વચ્છ બનાવવું હોય તો તેમાં હું એકલો સાબુ (જ્ઞાનયોગ) ઘસ્યા કરું તો તે લુગડાના ચીંદરડાં ઉડી જાય. એક શુષ્ક વેદાંત અંતઃકરણના પટનાં ચીંદરડા ઉડાડી દે. માણસને શુષ્ક વેદાંતી બનાવી દે. મારે તેને પહેલાં તો ભક્તિની ભીનાશમાં ભીંજવવું પડે પછી તેમાં જ્ઞાનયોગનો સાબુ ઘસું અને પછી તેના ઉપર કર્મયોગના ધોકા પડે. તો જ તે કપડું અંતરપટ અંતઃકરણ શુદ્ર થાય.

ગીતામાં ભગવાનની વાણીમાં આવાં ઘણા ગૂઢ રહસ્યો રહેલાં છે. તેનો વ્યાવહારિક દ્રષ્ટિએ અર્થ ઘટાવી જીવન જીવવાની કળા શીખવાની છે. ફક્ત મરવાની વાટ જોઈને બેઠેલા ઘરડાઓ અને સાધુ સન્યાસીઓ માટે જ ગીતા નથી લખાયેલ. નિષ્કામ ભાવથી કર્મ કરનારના જીવનમાં ભક્તિ અને જ્ઞાન આપોઆપ વણાઈ જાય છે અને તેને ચિત્ત શુદ્ધિનું ફળ અનાયાસે મળે છે. મહાભારતમાં તુલાધાર વેશ્યની વાત આવે છે. તેની પાસે નીજલી નામનો બ્રાહ્મણ જ્ઞાન મેળવવા આવ્યો ત્યારે તુલાધારે કહ્યું કે ભાઈ, મારી પાસે તો એક જ જ્ઞાન છે. જે હું મારા ત્રાજવાની દાંડીમાંથી શીખ્યો છું મારા ત્રાજવાની દાંડી જેમ પક્ષપાત રહિત સ્થિર અને સીધી રહે છે. તે પ્રમાણે હું શત્રુ-મિત્ર-સ્વજન-પારકા તમામ પ્રત્યે મારા મનને સ્થિર અને નિષ્પક્ષપાતી રાખું છું.

સેનો નાયી ગોરો કુંભાર, સાવતો માળી, મોમીન જાતિનો વણકર કબીર વગેરે એ પોતપોતાના કર્મમાર્ગમાં વ્યવસ્થિત રીતે રહીને ભક્તિ માર્ગ અને જ્ઞાનમાર્ગમાં પ્રવાસ કર્યો અને મોક્ષ પામ્યા. સેના નાયીએ લોકોની હજામત કરતા અને લોકોનાં માથામાંથી મેલ (ખોડો) કાઢતાં કાઢતાં પોતાના માંથામાંથી મેલ (વિષયોનો વિકાર) દૂર કરી નાખ્યો ગોરા કુંભારે માટલાં પકવતાં પકવતાં પોતાના જીવનનું માટલું પકવી દીધું સાવતા માળીએ પોતાના બગીચામાં ઉગેલો નિરુપયોગી ઘાસ ફૂસ સાફ કરતાં કરતાં પોતાના અંતઃકરણમાં ઉગેલા કામ, ક્રોધ, રાગ, દ્વેષ વગેરે તથા ઉપદ્રવી વાસનાઓનાં ઘાસફૂસ ઉખાડી નાખ્યા. કબીરે વસ્ત્રો વણતા વણતા પોતાના અંતઃકરણનું પટ અને જીવનરૂપી વસ્ત્ર વ્યવસ્થિત રીતે વણી લીધું અને તે વસ્ત્ર પરમાત્માને સમર્પણ કરી દીધું દાદુ પીંજારો પીંજવાનું કામ કરતો ત્યારે તેની પીંજણમાંથી. તુંઈ તુઈ અવાજ આવતો અને તે દાદુના મુખમાંથી તુ હિ તુ હિ અવાજ નીકળતો. આનું નામ કર્મયોગ અને ભક્તિયોગ સમન્વય સમષ્ટિના કલ્યાણ માટે. ઈશ્વર પ્રીત્યર્થે જ મારો ભગવાન રાજી થાય એ ભાવથી કરેલું કર્મ એક નિષ્કામ કર્મ ભક્તિ બની જાય છે. નિષ્કામ કર્મ આપો આપ ભક્તિમાં પરિણીત થઈ જાય છે. એવો કર્મયોગી ભક્ત ઈન્દ્રિયોથી તેના વિષયો દ્વારા સંસારના પદાર્થોનો ભોગ ભોગવતો હોય ત્યારે તેની તે ભોગો ભોગવવાની પ્રત્યેક ક્રિયા પરમાત્માની પૂજા બની જાય છે.

આવો નિષ્કામ કર્મ યોગ ભક્ત નિંદ્રા લેતો હોય તો તેની નિંદ્રા લેવાની ક્રિયા પણ સમાધિ બની જાય આવો નિષ્કામ કર્મ યોગી ભક્ત પોતાના સાંસારિક નિત્ય કરવા માટે ગામમાં ઓફિસમાં બજારમાં કે બાગમાં જયાં જયાં પગેથી ફરતો હોય ત્યાં તેના પગની ચલનક્રિયા પણ પરમાત્માની પ્રદક્ષિણા બની જાય છે. આવો નિષ્કામ કર્મયોગી ભક્ત પોતાની પત્ની બાળકો સગાં સંબંધીઓ સાથે વાતચીત કરતો હોય તે વખતે તેનાથી બોલાતી વાણી પણ પરમાત્માનાં સ્તોત્ર બની જાય છે. આ પ્રમાણે નિષ્કામ કર્મયોગીનું પ્રત્યેક કર્મ ભક્તિમય બની જાય છે. અને તે ભક્તિ એટલી ઉચ્ચ પ્રકારની વિશુદ્ર બની જાય છે. કે તેમાં આપો આપ જ્ઞાનનો પ્રકાશ પડે છે.

આ પ્રમાણે કર્મ, ભક્તિ અને જ્ઞાનનો પવિત્ર ત્રિવેણી સંગમ થાય. ત્યારે જ અંતઃકરણનું પટ શુદ્ધ થાય છે અને તેમાં બ્રહ્મનું પ્રતિબિંબ પડે અને આત્મા સાક્ષાત્કાર થાય. ભક્તિમાં ભીંજવ્યા વગર કર્મ મિથ્યાચાર બની જાય છે અને ભક્તિની ભીનાશ વગરનું જ્ઞાન પણ નિરર્થક છે. કર્મ અને જ્ઞાન બન્ને ભક્તિની ભીનાશમાં ભીંજાયેલા ના હોય તો નિરર્થક ભક્તિ એટલે શું જુઓ.

# રહસ્યમય સંસાર

લત્તા અરવિંદભાઈ માંગુકીયા
(દડવા)

**પરમ પૂજ્ય સદ્‌ગુરૂ મહારાજને કોટિ કોટિ વંદન**

આ સંસાર એક ગાઢવન સમાન છે. ઈન્દ્રીયોના વિષય સુખના વાદળા, જ્ઞાનરૂપી સૂર્યને ઢાંકી દે છે. રાગ આસક્તિરૂપ વરસાદ વરસાવે છે. આથી આ વન વધુને વધુ ગાઢ બને છે.

આ અત્યંત ભયાનક વનમાં જીવાત્મા અનંત કાળથી ભટકયા જ કરે છે. ફરી ફરી સંસારમાં જન્મે છે અને મરે છે. જન્મ મૃત્યુ જરા (ઘડપણ) અને વ્યાધિની ભીષણ વેદના જીવ અનુભવી રહ્યો છે. આ જીવાત્માની રક્ષા અને ઉધાર માટે સદ્‌ગુરૂ પરમાત્માનું ચરણ સ્વીકારવું જ પડે છે. સંસારનો પ્રત્યેક પદાર્થ દુઃખ મય છે. જો પદાર્થમાં સુખ હોય તો તે પદાર્થમાં તે સુખનો અનુભવ સ્થળ બદલાતાં સમય બદલાતાં કે શરીરની અવસ્થા બદલાતાં બદલાવો ન જોઈએ. પરંતુ એમ બનતુ નથી જે તે કાળે જે તે વસ્તુમાં સુખ બુદ્ધિ ઉપજે છે તે કેવળ બુદ્ધિનો ભ્રમ છે આ દુઃખમય સંસારમાંથી ઉગરવાનો એકમાત્ર ઉપાય છે. આત્મજ્ઞાન જન્મ મરણના ચક્રમાંથી છૂટવુ આત્મજ્ઞાન વિના મોક્ષનો સંભવ નથી માટે પરમાત્માની ભક્તિ કરવી એક સરળ ઉપાય છે આથી મોક્ષની ઈચ્છાવાળાએ સદ્‌ગુરૂ પરમાત્માનું ચરણ સ્વીકારવું જોઈએ. ભગવાન શ્રી કૃષ્ણ ગીતાના ૧૮ મા અધ્યાયમાં ૬૬ શ્લોકમાં કહે છે.

**સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।**
**અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥**

સઘળાય ધર્મોને એટલે કે સઘળાય કર્તવ્ય-કર્મોને મારામા ત્યજીને તુ કેવળ એકમાત્ર મુજ સર્વ-શક્તિમાન સર્વાધાર પરમેશ્વરના ચરણે આવી જા હું તને બધાય પાપોથી મુક્ત કરી દઈશ તું શોક કરમાં માટે મન તારી સ્થીતિ બહુ ધ્યનીય છે. કેમકે તને ઈચ્છા છે અચલ અને અમરપદની પ્રાપ્તીની આ સંસારમાં પદાર્થ ઉપર વૈરાગ્ય હોય તો જ પ્રાપ્ત થાય છે પરંતુ મનની પ્રવૃતિ અતિ નિંદનીય છે. વિષય ભોગના ઝેરી સુપનું સેવન કરે છે. આમ ઈચ્છા છે અમરપદની અને કરે છે અધમ કર્મ તો અસત અધર્મના માર્ગે જવાવાળાને કદીય ઉચ્ચ સ્થિતિની પ્રાપ્તી થતી નથી. આથી દાવાનળ સમાન દારૂણ સંસારમાંથી બચવાની ઈચ્છાવાળા વિષયોના અનુરાગથી મુક્ત થવું જોઈએ. આ રાગ દૂર થતા એનું ચિત્ત નિરમળતાથી સરળતાથી પરમપદને પામે છે. ચિત્તરૂપી સરોવરમાં અનાદિ કાળથી રાગ દ્વેષ કામ ક્રોધ લોભ અને મોહ જેવી દુર્વાસના રૂપી જળ ભરેલું છે. અને વળી કુસુંગથી અન્ય મલિન વાસનાનું જળ ભરાતુ રહે છે. માટે કુસંગ છોડીને સત્સંગ દ્વારા વિષયોને દૂર કરી વાસના રૂપી જળ ઉલેસવું ને ચિતને નિર્મળ કરી ભગવત ભક્તિમાં જોડાવું જયારે માણસ વિષયની વાસનામાં અંધ બને છે. વાસના રૂપી વનમાં ભીષણ દાવાગ્નિમાં અત્યંત દુઃખોને જોતો નથી છતાય ભોગો સાથે ઓતપ્રોત થઈ તેનાથી ઉત્પન્ન થતા દુઃખ અને રોગથી મરી જશે પરંતુ ભોગની લાલસા નહિ છોડે માટે વિવેકી જનો તમો કામ તુષ્ણાના પાસામાં ફસાઈ જાવ તે પહેલા વિષયાંધ મનુષ્યોનો સંગ છોડોને સદ્‌ગુરૂના ચરણે જાવો હે મુમુક્ષુઓ તમારુ હૃદયરૂપી આકાશ અજ્ઞાનરૂપી કાળી ઘટાથી છવાઈ ગયું છે. એનો ખ્યાલ રાખવો જોઈએ તેથી હૃદયાકાશમાં તેજસ્વી વિવેકરૂપી સૂર્ય ઢંકાઈ ગયો અને રાગત્મક તિક્ષ્ણ વિધુતની જવાળા ચમકી રહી છે. તેથી જયાં સુધી કામ-ક્રોધ વગેરે દુષ્ટોનો ઝેરી વરસાદ શરૂ ન થાય તે પહેલા તમો જાગી જાવ, સાવધ થઈ જાવ કારણ કે અતિવૃષ્ટિ થયા બાદ જાગ્રત થવુ અશક્ય બનશે માટે જાગો તમારૂ સ્વરૂપ આકાશ સમાન શુધ્ધ અને શાંત છે. સૌથી અધિક કોમલ છે. તેજમય છે સૂર્ય ને પણ પ્રકાશીત કરનાર છે. અનંત આનંદમય પણ તેજ છે. આવા તારા નિજ સ્વરૂપને ભુલી જઈને આ દુઃખમય સંસારમાં શા માટે આસક્તિ રાખે છે.

આ સંસારમાં પ્રત્યેક માણસ કોઈ સમયે કોઈને કોઈ દુઃખથી ઘેરાયેલો તો વળી બીજી ક્ષણે સુખ ભોગવતો પણ દેખાય છે એમ સુખ દુઃખ ચાલ્યા જ કરે છે જેમ સુખ દુઃખ તે દેહની ઉર્મી છે અને ભુખ અને તરસ તે પ્રાણની ઉર્મી છે અને શોક અને મોહ તે મનની ઉર્મી છે એમ શરીર છ ઉર્મીથી પીડીત રહે છે માટે રહસ્યમય સંસારના પદાર્થની કામના છોડી તત્ત્વનો વિચાર કરવો. **મનની કામના મેલી કરજો તત્ત્વ વિચાર** તે માટે સદ્‌ગુરૂના ચરણોમાં રહીને પરમાત્માને જાણવા માટે પ્રયત્ન કરવો આ સંસાર સુકા રણ તુલ્ય છે. માટે મનુષ્યના માથા ઉપર ચિંતાના કલેશોનો તાપ સતત વરસી રહ્યો છે. લોભની તૃષ્ણાના તાણા વાણથી ગળુ સતત સુકાઈ રહ્યું છે એવા રણ તુલ્ય સંસારમાં સંતોષ અને સદ્‌ગુણોનું શાંતિ રૂપી જળ. સાચા સદ્‌ગુરૂ જ પાઈ શકે છે. મનુષ્યને જન્મ મરણ મટાડે છે. અને પરમાત્મા સુધી પહોંચાડે છે. તો તેવાં સદ્‌ગુરૂના ચરણમાં રહીને જ્ઞાન પ્રાપ્ત કરી લેવું.

અસ્તુ ઓમ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

# ભક્તિથી ધર્મ પરાયણ થવાય છે.

રેખાબેન આર. મચાણી
(ભાવનગર)

પરમ આદરણીય પરમ કૃપાળુ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના ભાવનગર મુકામે કરેલ સત્સંગ કથા પ્રવચન આધારિત.

પરમ કૃપાળુ પરમાત્માની મહતિ અનુકંપાથી દેવોને પણ દુર્લભ એવો માનવ-જન્મ મળ્યો છે તો માનવ જન્મને સાર્થક કરવા માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થ બતાવ્યા છે. એમાં ધર્મ એ પરમ પુરૂષાર્થ છે. ભક્તિ કરવી એ માનવનો પરમ ધર્મ છે.

ધર્મ પરાયણ કેવી રીતે થવાય ? તો હું આ સંસારમાં આવ્યો એ કયા કર્મને લઈને આવ્યો ? એવું આપણે વિચાર્યું છે ? ના કારણ સંસારમાં તો મજા છે ને ! શું વાંધો છે ? ખાવુ, પીવું ને મજા કરવી પણ, વિચારો તો.

**''ખાના પીના સો જાના**
**સબ કર્મ હે પશુ સમાના''**

શાસ્ત્રકારો કહે છે કે ફક્ત બુધ્ધિશાળી જીવો જ એવું પૂછે છે કે હું કયા કર્મને લઈને અહીં આવ્યો છું ?

વિચાર કરો, આપણે પણ અહીંથી કયાં જવું પડશે ? જવું પડશે ને !!! કે નહિં ? જવાની જરૂર શું છે ? પુત્ર પરિવાર, ધન વૈભવ બધુ જ છે. તે છોડીને જવું ? પણ જવાનું તો દરેક છે. છોડીને જ જવું પડશે.

**''હારે તારે એક દીન જાવું પડશે,**
**કરમ તારા તને નડશે (૨) જીવલડા''**

પણ શાસ્ત્રકારો કહે છે. જેમ બહારગામ જવું છે. ટ્રેનમાં જવું છે તો જો રીઝર્વેશન હોય તો ફર્સ્ટ કલાસના ડબ્બામાં આરામથી જઈ શકો છો એમ શરીર છોડીને જવું પડશે તો તેના માટે અગાઉથી સારી તૈયારી હોવી જોઈએ. એટલે કે સારા કર્મ કરવા જોઈએ. ભક્તિ કરવી જોઈએ. જવાનું તો નક્કી છે જ

**''કોઈ આજ જશે કોઈ કાલ,**
**આતો પંખીડાનો મેળો''**

એના માટે શાસ્ત્રકારો કહે છે કે કયા કર્મથી આવ્યો અને જવું પડશે તો કયાં જઈશ ?

જેને ધર્મ-અધર્મની ખબર નથી તો એ ધર્મ પરાયણ કેવી રીતે થઈ શકે ? ધર્મને માર્ગે કેવી રીતે ચાલી શકે ? જેને ખબર છે ધર્મ આ છે તો તે ધર્મના માર્ગે જઈ શકે.

ગોકર્ણજીએ પોતાના પિતા આત્મદેવને કહ્યું કે તમે જંગલમાં જઈને શું કરશો ? ત્યારે પિતાજી કહે છે કે મારે શું કરવું જોઈએ ? ત્યારે ગોકર્ણ પિતાજીને કહે છે. સેવા, ભક્તિ, કથાનું રસપાન નિરંતર કરો અને સદ્‌ગુરૂ સંતની સેવા કરો તો એમ ધર્મનું પાલન કરો. જે વર્ણ-આશ્રમ પ્રમાણે પોતાના કર્તવ્ય કર્મ છે તે કરો. લૌક્કિ ધર્મનો ત્યાગ કરો. ધર્મના જે સામાન્ય લક્ષણો છે દરેક મનુષ્યએ તે ધારણ કરવા જોઈએ. (૧) ધીરજ રાખવી. (૨) સહનશીલતા કેળવવી. (૩) ઈન્દ્રિયોનો સંયમ કરવો. (૪) ચોરી ન કરવી. (૫) પવિત્રતા રાખવી. (૬) વિદ્યા પ્રાપ્ત કરવી. (૭) બુધ્ધિ સારી રાખવી. (૮) ક્રોધ ન કરવો. (૯) ઉદ્વિગ્ન ન બનવુ. ચિંતા વગરનું જીવન જીવવું. (૧૦) અવિરુધ્ધ જીવન જીવવું-વિરોધ ન કરવો.

પરમાત્માની ભક્તિ કરવી તે પરમ ધર્મ છે. ભક્તિ બે પ્રકારે થાય છે.

(૧) વ્યવહિતા ભક્તિ - વ્યવધાનવાળી ભક્તિ. જેમાં વચ્ચે અંતર પડે છે. એક દિવસ ભક્તિ કરો અને બે દિવસ ન કરો તેવી ભક્તિ. જેમ કે શંકર ભગવાન મહાશિવરાત્રીએ મંદિરમાં આવે અને પછી શ્રાવણ માસમાં મંદિરમાં રહે. ત્યારે જ આપણે ભક્તિ કરીએ છીએ. આપણે એવું માનીએ છીએ. પણ શંકર ભગવાન તો સતત નિરંતર મૂર્તિમાં હાજર જ છે. સર્વ વ્યાપક છે.

(૨) અવ્યવહિતા ભક્તિ - અવ્યવધાન ભક્તિ એટલે કે વ્યવધાન વગરની ભક્તિ. નિરંતર ભક્તિ વચ્ચે કોઈ અંતર નહિ તેવી સતત ભક્તિ.

અખંડ, અવિચળ, સતત નિરંતર ગંગાજી જેમ સાગરમાં ભળ્યા કરે છે. જયારથી ગંગાજી ઉત્પન્ન થયા ત્યારથી યુગો વીતી ગયા પણ સતત નિરંતર વહે છે એમ ભગવાનની ભક્તિ સતત નિરંતર કરવી જોઈએ.

અખંડ જ્યોતિની જેમ ભક્તિ કરવી. સતત નિરંતર ભક્તિ કરવી એ પ્રત્યેક માનવનો ધર્મ છે. ભક્તિ એટલે માળા લઈને બેસી જવું એવું ન માનશો.

**ભક્તિ એટલે પ્રેમ.**

ભક્તિ પરમાત્માની પરમાત્મામાં પ્રેમ કરવો. પણ આપણે શેમાં પ્રેમ કરીએ છીએ ? પરમાત્મામાં કે માયામાં ? તો સત્યમાં, પરમાત્મામાં પ્રેમ કરવો એ જ એનું નામ છે ભક્તિ. ખોટામાં પ્રેમ કરો એનું નામ છે મોહ. આપણે મોહ કરીએ છીએ કે ભક્તિ કરીએ છીએ ?

સરળ ભાષામાં કહીએ તો આપણે શરીરમાં પ્રેમ કરીએ છીએ કે આત્મામાં પ્રેમ કરીએ છીએ ? તો,

**''તું વેદ પુરાણ ઘણું સાંભળે,**
**તારી મનની દુગ્ધા નવ ટળે,**
**સાચા પ્રેમ વિના પ્રભુ નહિ મળે,**
**અજ્ઞાની જીવ સંગ કરે સાચો,**
**પણ રંગ ચડે નહિ.''**

નરસિંહ મહેતાએ કહ્યું,

**''વટમાં બીજ છે બીજમાં વટ છે,**
**એ જ પટંતરો જોઉ પાસે,**
**ભણે નરસૈયો એ મન તણી શોધના,**
**પ્રિત કરું પ્રેમે પ્રભુ પ્રગટ થાશે.''**

કહે છે એમ, પ્રિત કરવા માંડો પ્રભુ જરૂર મળશે.

**''હરી વ્યાપક સર્વત્ર સમાના,**
**પ્રેમ સે હોઈ મજાના''**
**''સિયારામમય સબ જગ જાની,**
**કરઉં પ્રણામ જોડી કર પાની''**

પરમાત્મા સર્વત્ર વ્યાપક છે પણ પરમાત્માને પ્રેમ કરો એટલી જ વાર છે પણ આપણે પ્રેમ સાચામાં કરીએ છીએ કે ખોટામાં ? હિરણ્યકશિપુને પરમાત્મામાં પ્રેમ નથી જ્યારે પ્રહલાદને પરમાત્મામાં પ્રેમ છે. એટલે પરમાત્માએ પ્રગટ થઈ જગતને બતાવ્યું કે તમે મારામાં પ્રેમ કરો. હું પ્રગટ થાઉં છું. હિરણ્યકશિપુએ પ્રહલાદને કહ્યું તારા પરમાત્મા કયા છે ત્યારે પ્રહલાદે કહ્યું કે "મારા પરમાત્મા કયાં નથી" એવું પૂછો. મને સ્થંભમાં પણ પરમાત્મા દેખાય છે. એ જ સમયે હિરણ્યકશિપુએ સ્થંભ પર મુષ્ટિ પ્રહાર કર્યો એટલે સ્તંભમાંથી નૃસિંહરૂપે ભગવાન પ્રગટ થયા.

હિરણ્યકશિપુએ પૃથ્વી ઉપર પગના અંગૂઠા ઉપર ઊભા રહી, હાથ ઊંચા રાખી, દ્રષ્ટિ આકાશમાં સ્થિર કરી ઉભા રહી દેવતાઓના સો વર્ષ સુધી તપસ્યા કરી. ત્યારે બ્રહ્માજીએ પ્રસન્ન થઈ વરદાન માંગવા કહ્યું. ત્યારે હિરણ્યકશિપુએ માંગ્યું કે "બ્રહ્માજી તમારી બનાવેલી સૃષ્ટિથી મારું મોત ન થાય અને બ્રહ્માજીએ તથાસ્તુ કહી દીધું. ત્યાર પછી હિરણ્યકશિપુને કોઈ મરવાનો ભય ન હતો. પોતે જ ભગવાન થઈ બેઠો હતો. અહંકારી થઈ ગયો કે મને કોઈ મારી શકશે નહિ પણ અહંકારથી બીજાને નડે ત્યારે ભક્તની રક્ષા કરવા ભગવાન ગમે ત્યાંથી પ્રગટ થાય છે."

આપણે પરમાત્માને એવું નથી પૂછતા કે અમારા આત્માનું કલ્યાણ કેવી રીતે થાય ? પણ હું કેવી રીતે મરી ના શકુ તેનો ઉપાય બતાવો એવું કહીએ છીએ.

શ્રીમદ્ ભગવત ગીતામાં પરમાત્માએ અર્જુનને કહ્યું કે હે અર્જુન જે વિનાશશીલ છે એમાં પણ મને અવિનાશી સ્વરૂપે જૂવે તે જ સાચું જોઈ શકે છે. જયારે આપણને જડ શું ચેતનમાં પણ પરમાત્મા દેખાતા નથી. માતા, પિતા, ગુરૂ, આચાર્ય અને અતિથી બધામાં ચેતનરૂપી પરમાત્મા રહેલા છે.

**''શૂન્યમાં પૂરણ દેખ સોઈ,**
**મૃત્યુ તેને અમૃતનું ફળ હોય.''**

શૂન્યમાં પણ પરમાત્મા છે. એવી કોઈ જગ્યા નથી કે જયાં પરમાત્મા ન હોય. પણ પ્રેમ કરો તો સ્થંભમાં પણ પરમાત્મા દેખાય.

સાચું શું અને ખોટું શું એ ખબર હોવી જોઈએ. પરમાત્માએ બુદ્ધિ આપી છે એ બુદ્ધિ દ્વારા સત્ય અને અસત્યને જાણી શકાય છે.

**સુખરૂપ કોને કહેવાય? દુ:ખરૂપ કોને કહેવાય?**
**પૂર્ણ કોને કહેવાય ? અપૂર્ણ કાને કહેવાય ?**

આ બધુ મનુષ્ય બુધ્ધિ વડે જ જાણી શકાય છે પણ પશુ પક્ષી પ્રાણી જાણી શકતા નથી.

આ લોક અનિત્ય છે તેથી તેમાં સુખ નથી અને સુખ ન હોય તો શું હોય ? દુ:ખ છે એ તો નાના બાળકો

પણ સમજી શકે. મેથી કડવી છે. સાકર ગળી છે તો મેથી કાંઈ ગળી ન હોય એવી રીતે નિત્ય અને અનિત્યને જાણવું અને એ જાણી પછી અનિત્યમાંથી મનને પાછું વાળી નિત્યમાં જોડવું.

મોહ છોડીને સારું પકડવું તો લાભ થાય. પણ મોહ છોડો નહિ અને સારું પકડો નહિં તો શું થાય ? આપણે થવું છે સુખી પણ કામ કરવા છે દુઃખના તો જયાં સુધી નિત્ય અનિત્યને જાણવામાં ન આવે અને અનિત્યમાંથી નિત્યમાં ન જઈએ તો સુખ મળતું નથી.

ધર્મનું આચરણ કરવાથી જ માનવને સુખ મળે છે.

શાસ્ત્રકારો કહે છે કે જીવ માત્ર સુખી થવા માટે ઈચ્છા કરે છે. એ માટે પ્રયત્ન કરે છે પણ ધર્મ વગર સુખ મળતું નથી. ધર્મ પરાયણ બને તો સુખ મળે. ઘણા વિચારે છે ધર્મ પાળવામાં દુઃખ મળે છે. તો વિચાર કરો ધર્મને માટે કેટલાયે બલિદાન આપી દીધા છે. ધર્મથી જ રક્ષા થાય છે.

એક વખત બાઝ હોલાની પાછળ શિકાર માટે પડયું. શિબિરાજાએ આ જોયું અને હોલાને બચાવવા માટે પ્રયત્ન કર્યો ત્યારે બાઝે કહ્યું કે હોલો મારો શિકાર છે તમે આડા ન આવશો. ત્યારે શિબિરાજાએ કહ્યું કે હે બાઝ હું તને હોલાના બરાબર માંસ આપવા માટે તૈયાર છું પણ તું હોલાને છોડી દે. પછી ત્રાજવાના પલ્લામાં એક બાજુ હોલાને મૂક્યું અને બીજી બાજુ શિબિરાજાએ પોતાના શરીરમાંથી હાથનો ટૂકડો કરી સામેના તોલામાં મૂક્યો પણ હોલો એ ભગવાનનું સ્વરૂપ હતો. તે શિબિરાજાના ધર્મની પરીક્ષા કરી રહ્યા હતા આથી હોલાએ પોતાનું વજન વધાર્યું. ત્યારે શિબિરાજાએ શરીરના એક પછી એક અંગના ટૂકડા કરી આખું શરીર તોલમાપના પલ્લામાં મૂકી દીધું. શિબિરાજાએ એક જીવ બચાવવાના ધર્મમાં ધર્મની રક્ષા કરવા માટે પોતાનું શરીરનું માંસ આપી દીધું અને ધર્મનું પાલન કર્યુ. આજે પણ શિબિરાજાને આપણે યાદ કરીએ છીએ. તેમ કર્ણરાજાએ કવચ-કુંડળ પોતાની પાસે આવેલ ભિક્ષુકને આપી દીધા. એ સૂર્યપુત્ર છે. કુંતા માતાના ઉદરથી જન્મ થયો ત્યારે કવચ-કુંડળ સાથે ધારણ કરેલા હતાં. એ કવચ-કુંડળ જયાં સુધી કર્ણ સાથે હોય ત્યાં સુધી કૃષ્ણ ભગવાન કર્ણને યુધ્ધમાં મારી શકે નહિ એટલે કૃષ્ણ ભગવાન ભિક્ષુક-અતીથી બનીને ગયા એટલે અતીથીને પાછો ન વળાય એવા ધર્મથી, ધર્મ ન તૂટે એટલે ભલે મૃત્યુ આવે પણ અતીથી પાછો ન જવો જોઈએ. એવા ભાવથી કવચ-કુંડળ ભિક્ષામાં આપી દીધા અને આપણે શું કહીએ ? એ મારો ધર્મ નથી. દધીચી ઋષીએ પોતાના વજ્રસમાન હાડકા અતીથી તરીકે આવેલા ઈન્દ્રને વજ્રાસ્ત્ર બનાવવા માટે આપ્યા જેના વડે પછી ઈન્દ્ર વૃત્રાસુરને મારી શકે અને સૃષ્ટિનું કલ્યાણ થાય. તે માટે હાડકા આપી દીધા. દાનમાં આપી દીધાં. દધીચી ઋષીએ કહ્યું કે હે ઈન્દ્ર આ શરીર મર્યા પછી તો રાખ થઈ જવાનું છે કાંઈ કોઈને કામ આવવાનું નથી તો આ જીવતા આ શરીરના હાડકાથી કોઈનું કલ્યાણ થતું હોય તો લો આ હાડકા લઈ જજો.

તો સમજવાનું છે કે જે શરીરથી ધર્મ ન થાય તો શરીરથી ફાયદો શું ? જે શરીરથી માતા-પિતાની સેવા ન થાય તો એ શરીરથી શું ફાયદો ? જીવતા જો કોઈને કામમાં ન આવો તો એ મર્યા પછી શું કામનું ?

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારમાં ધર્મ નિત્ય પુરુષાર્થ છે. કેમકે ધર્મ નષ્ટ થતો નથી. ધર્મ એ ધર્મ કરનારની રક્ષા કરશે. ગમે ત્યાં અગ્નિ, પાણી, હવા ગમે ત્યાં હશે ત્યાં ધર્મ કરનારની રક્ષા પ્રથમ કરેલો ધર્મ છે એ તેની રક્ષા કરશે.

જેમ કે પ્રહલાદની અગ્નિમાં રક્ષા કરી તો સમજજો, માળા ફેરવવી તે જ ધર્મ નથી. સેવા, દયા, પૂણ્ય, મદદ વગેરેથી ધર્મ થાય.

શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે કે "સર્વ ધર્મમયો હરી" જે કંઈ ધર્મ છે તે પરમાત્માનું જ સ્વરૂપ છે તો શરીર મન બુધ્ધિ, ઈન્દ્રિયો મળી છે તો તેનો ઉપયોગ કરી ધર્મ કરવા પ્રયત્ન કરવા અને માનવજન્મ સાર્થક કરવા પ્રયત્ન કરવો.

**''સર્વેત્ર સુખિના સન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ,**
**સર્વે ભદ્રાણી પશ્યન્તુ મા કશ્ચિદ**
**દુઃખમાપ્નુયાત્''**

# મૃત્યુનો મહિમા (ભાગ-૧)

હસમુખ પટેલ

**ગતાંકથી ચાલુ...**

એતો માત્ર નવા જન્મનું ઉદ્દ્ભવબિંદુ છે. કાયોત્સર્ગ જેમાં શરીર અને ચેતનને જોડતો સેતુ વાસના અદ્રશ્ય થાય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં જણાવ્યા પ્રમાણે "ઈન્દ્રિયો વિષયોનું ચિંતન કરતાં માણસને તેના માટે આસક્તિ થાય છે. તે આસક્તિમાંથી વાસના, વાસનામાંથી ક્રોધ, સંમોહ અને સ્મૃતિવિભ્રમ થાય છે અને અંતે બુધ્ધિનો નાશ થાય છે. બુધ્ધિનો નાશ થતાં માણસ જન્મ અને મૃત્યુના સંસારચક્રમાં ફેંકાય જાય છે." મૃત્યુએ કુદરતનો કાયદો છે. તેનું ઉલ્લંઘન કરવું એ ગુના બરાબર છે. તેનું પાલન કરવું એ પવિત્ર ફરજ છે. માનવ શરીરના કરોડો અણુઓ પ્રતિક્ષણ જન્મે છે. જીવે છે અને નાશ પામે છે. જીવન મરણની ઘટમાળા નિરંતર ચાલ્યા જ કરે છે.

સિંકદરનું મૃત્યું થયું તેને કબરમાં દફનાવી દીધો. એક દિવસ સિંકદરની મા સિંકદરની કબર ઉપર ફૂલ ચડાવી કબરને પૂછે છે, "બેટા, તું હંમેશાં કહેતો હતો કે મારા જેવા કોઈ નહિ. હવે કબરમાં સૂઈ ગયા પછી કાંઈ અભિપ્રાય બદલાયો ?" - કબરમાંથી અવાજ આવ્યો. "મા, માફ કરજે, અહીં કબરમાં સૂતા પછી ખબર પડી કે આમાં તો કેટલાય સિકંદરો સૂતા છે." (અર્થાત્ બધાના આજ હાલ થાય છે !)....

મિત્રો મનુષ્ય દેહ અતિ દુર્લભ છે. તે વારંવાર મળતો નથી કબીર કહે છે કે ઈશ્વરે આપણને મૂલ્યવાન દેહ આપ્યો છે. માનવીના ટૂંકા આયુષ્યમાં તેનો સદુપયોગ કરવો અને સાર્થક બનાવવો એ આપણા હાથની વાત છે. મનુષ્યદેહની મહત્તા જેટલી આંકીએ એટલી ઓછી છે. આ દેહથી યજ્ઞ, દાન, તપ, સેવા, ભક્તિ જેવા અનેક સત્કાર્યો આપણે કરી શકીએ છીએ અને મોક્ષને પામી શકીએ છીએ, શરીર એ મોક્ષનું સાધન છે. મોક્ષપદ પ્રાપ્ત કરવા માટેનો દરવાજો છે. સારાં કાર્યો કરી આત્મતત્ત્વ અને પરમતત્ત્વને પામવા આ દેહ જ કામમાં આવે છે. મનુષ્યદેહ જે આપણને ઈશ્વરભક્તિ કરવા માટે મળ્યો છે તે નિરર્થક છે, તે ક્ષણભંગુર છે. યાદ રાખો કે મનુષ્યદેહ દુર્લભ છે. માટે આ મનુષ્યદેહ દ્વારા બને તેટલી પ્રભુભક્તિ અને માનવસેવા કરવી. સદા સત્કર્મ કરવાં જો આ પ્રમાણે કરવાથી મૃત્યુ વખતે કોઈ પણ પ્રકારનો ભય કે ડર રહેશે નહિ. દેહને કારણે જ આપણે જીવનનો ભોગવટો કરી શકીએ છીએ અને જીવન જીવી શકીએ છીએ. સંસારમાં જે કાંઈ ભોગવવાનું છે, સુખ માણવાનું છે, દુઃખ પામવાનું છે, કર્મો કરવાનાં તે આ દેહને જ આભારી છે. "પુર્વજન્મમાં કરેલા કર્મોનાં ફળ પુનઃજન્મમાં ભોગવવા જ પડે છે. દેહ એ આ કર્મોનાં ભોગવટાનું માધ્યમ છે." પિતૃઋણ, માતૃઋણ, દેવઋણ અદા કરવા માનવદેહ મળ્યો છે, સમાજના વિવિધ પક્ષકારો પ્રત્યેની ફરજો અને જવાબદારીઓ અદા કરવા દેહનો ઉપયોગ કરવો જોઈએ. આ રીતે પણ દેહ એ ઈશ્વરની અમૂલ્ય દેણ છે જેનો ઉપયોગ કરતાં આવડવું જોઈએ. માનવ શરીર વડે જ ધર્મ, અર્થ, કર્મ અને મોક્ષ - આ ચાર પુરુષાર્થો સિધ્ધ કરી શકાય છે, ધર્મનું આચરણ અર્થનું ઉપાર્જન કામનાની પૂર્તિ અને મોક્ષની પ્રાપ્તિ માટે માનવદેહનો જ ઉપયોગ કરવો પડે છે.

મિત્રો શરીર એ જડ છે અને આત્મા ચેતન છે. માનવીનું મૃત્યુ થતાં દેહ પંચ મહાભૂતનાં પાંચ તત્ત્વોમાં ભળી જાય છે. ગમે તેવી પ્રિય વ્યક્તિ હોય પરંતુ એ મૃત્યુ પામે પછી એના દેહનો અગ્નિ સંસ્કાર કરવો જ પડે છે અથવા જમીનમાં દફનાવવો પડે છે. માનવદેહનાં જે કર્તવ્યો છે તે પણ સમજી લેવાં જોઈએ. દેહનાં કર્તવ્યો નિભાવવાથી જીવન સાર્થક બને છે. જુદી જુદી ફરજો અને જવાબદારીઓ અદા કરી શકાય છે.

મિત્રો આ દેહ માતા-પિતા દ્વારા મળ્યો છે. દેહ દ્વારા મા-બાપની સેવા કરવાનું ચૂકવું ન જોઈએ. પરિવાર તરફથી માનવીને સેવા, સુખ, આત્મીયતા, પ્રેમ, સાંત્વના, સહાનુભૂતિ, સંબંધો મળે છે. દેહ દ્વારા દરેક માનવીએ પરિવાર માટે ઋણ અદા કરવા સમર્પણ કરવાનું ભૂલવું ન જોઈએ. જન્મીને જીવન જીવવું પડે છે. ઉંમર થતાં જવાબદારીનું ભાન થતાં આજીવિકા મેળવવા નોકરી, ધંધો કે વ્યવસાય કરવો

પડે છે.
જેના દ્વારા રોજી-રોટી મળી હોય. જીવન જીવાયું હોય, પ્રતિષ્ઠા મળી હોય, તેના પ્રત્યે ઋણ અદા કરવા વફાદાર રહેવું એ આ શરીરનું કર્તવ્ય છે. માનવી સમાજમાં રહીને સમાજમાં જ જીવે છે. જીવન ગુજારે છે, સંબંધો બાંધે છે. વ્યવહારો કરે છે. સુવિધાઓ પ્રાપ્ત કરે છે, ઉત્સવો અને તહેવારો ઊજવે છે અને આનંદ પ્રાપ્ત કરે છે. તેથી માનવીએ સમાજને પણ કાંઈક આપવાનું છે. સામાજિક જવાબદારી નિભાવવા દેહનો ઉપયોગ કરવો જોઈએ. સમાજ માટે ઘસાઈ જવાની તમન્ના રાખવી જોઈએ. દેશના આર્થિક વિકાસમાં, દેશમાં સુખ-શાંતિ વધારવા, કાયદાઓનું પાલન કરવા, કુદરતી આફતો જેવી કે ભૂકંપ, રેલ, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિના સમયે રાષ્ટ્ર માટે જરૂરી યોગદાન કે પ્રદાન કરવું એ આપણી ફરજ છે, દેશભક્તિ કાજે ફના થવાની ઈચ્છા અને દેશદાઝ માટે માનવદેહનો ઉપયોગ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરવી જોઈએ.

ભગવાને બક્ષેલું માનવશરીર મહત્ત્વનું અર્થપૂર્ણ છે. તેમાં બંધનો અને મુક્તિની સંપૂર્ણ શક્તિઓ અને સાધનો સમાયેલાં છે. તેથી માનવીએ આહાર, વિહાર, વિચાર અને વ્યવહાર એવા રાખવા કે જેથી સંપૂર્ણ આયુષ્ય ભોગવી શકે. માનવ દેહનો મહિમા જ અનેરો છે. જેમ માનવી ઘરમાં નિવાસ કરે છે તેમ જીવાત્માનું ઘર શરીર છે. તેને પવિત્ર નિરોગી, શક્તિમંત, વ્યસનમુક્ત રાખવાની જવાબદારી મનુષ્યની છે. મૃત્યુ પછી પણ માનવી શરીર જીવતું રાખી શકે છે. માનવી મૃત્યુ પામ્યા પછી તેના અંગોનું દાન કરવાથી માનવી શરીર જીવતું રાખી શકે છે. મૃત્યુ પછી ભલે શરીરનાં અંગો નકામાં થઈ જાય પરંતુ દેહના મહત્ત્વના અંગો આંખો, હૃદય, કિડની જેવા કેટલાક અવયવો દાન કરી બીજાને મોતના મોંમાંથી બચાવી શકાય છે. “શરીર એ ધર્મની સાધના માટેનું અગત્યનું સાધન છે. શરીર છે તો ધર્મનું પાલન થાય છે અને ધર્મસાધના કરી શકાય છે.” દેહ તો એક મંદિર છે અને પ્રત્યેક દેહમાં આત્માની મૂર્તિ છે. એ મૂર્તિ તો પરમાત્માના અંશમાંથી ઘડાયેલ છે માટે મિત્રો બીજાનો તિરસ્કાર ન કરવો જોઈએ. કોઈની નિંદા ન કરવી જોઈએ અને બીજા કરતાં પોતાના ગુણદોષોનો પ્રથમ ખ્યાલ રાખવો જોઈએ. ભગવાન મહાવીર સ્વામી મનુષ્યદેહની સાર્થકતા સમજાવતાં કહે છે. “રાત વીતી ગઈ એ પાછી નહિ આવે, દુર્લભ માનવદેહ અસંખ્ય કાળ પછી મળે છે. તેને ગુમાવવો નહિ, જીવન પૂરું થાય એ પહેલાં તેનો ઉપયોગ કરી લો. મૃત્યુને દિવ્ય બનાવો.”

જે દેહ એકવાર પડવાનો છે તેને શું બચાવવો ? બચાવ યશનો કરતાં રહેવું કારણ કે એ કદી પડવાનો નથી. માણસ શરીર નાશ પામે તો પણ યશરૂપી કાયાને લીધે જીવતો રહે છે. મિત્રો દેહની ચેતના આત્માને આભારી છે.

જન્મ અને મરણનો ખેલ ન્યારો છે. જેનો જન્મ છે એનું મરણ પણ છે. તેથી જન્મ અને મરણ એ બંનેને ઓળખી જીવન જીવવું જોઈએ અને સમજી જીવનને માણી લેવું જોઈએ. જે આ ત્રણ બાબતો જાણે છે તેનો જન્મ એળે જતો નથી. પોતાની ઈચ્છાને અનુકૂળ ઘટના એ જીવન છે અને પોતાની ઈચ્છાથી વિરુધ્ધની ઘટના એ મૃત્યુ છે. જીવનનો અંત મૃત્યુ છે અને બધી વસ્તુઓનો અંત મૃત્યુમાં છે. તો સારું જીવન શા માટે ન જીવવું ? જે માનવી મૃત્યુને જાણી શકે છે તે જ જીવનનું મહત્ત્વ સમજી શકે છે અને જીવ (આત્મા) ને ઓળખી શકે છે. માટે મિત્રો આપણે મૃત્યુને ઓળખીએ જીવને જાણવા માટે એ સિવાય બીજો કોઈ રસ્તો નથી. “સારું મૃત્યુ સમસ્ત જીવનને શોભાવે છે.” દરેક માનવીને યોગ્ય જિંદગી તો પ્રાપ્ત થાય છે. પરંતુ દરેક જિંદગી યોગ્ય માનવીને પ્રાપ્ત થાય છે ખરી ?...

સંસારમાં ભોગવેલ સુખ, દુઃખ, આચરેલ ધર્મ-અધર્મની નીતિઓ, કરેલાં સત્કર્મો-દુષ્કર્મો, કમાયેલાં પાપ-પુણ્યોનું ફળ મરણ પછી મળે છે. ચિત્ર ગુપ્તની ખાતાવહીમાં જીવનમાં કરેલા કર્મોની ખતવાણી થાય છે અને તેની જમા-ઉધાર બાકીના આધારે માનવી પુનઃજન્મ પ્રાપ્ત કરે છે. શ્રીમદ્ ભાગવદ્ગીતામાં કહેવામાં આવ્યું છે કે પૂર્વજન્મમાં કરેલા ધર્મ, અધર્મ, જ્ઞાન, ઈચ્છા વગેરેના જે સંસ્કાર આ જન્મમાં પ્રગટ થાય છે. તેને “સ્વભાવ” કહેવાય છે. સ્વાભાવ એ

પૂર્વજન્મનો પુરુષાર્થ છે. સ્વભાવને વશ કરવા એક માત્ર ઉપાય છે. રાગ દ્વેષને વશ થઈ કોઈ પણ કર્મ કરવા પ્રવૃત ન થવું કહેવાય છે કે સ્વભાવ બદલવાનું કાર્ય અતિ મુશ્કેલ છે. માનવી પોતાનો સ્વભાવ બદલી શકતો નથી. સ્વભાવ (પ્રકૃતિ) પ્રાણની સાથે જ જાય છે.

જે પોતાના અને બીજાઓના મનને સમજે છે તેને આખી દુનિયા સમજાય છે. તે દુનિયાને વશ કરી શકે છે. મન એ સૌથી ચંચળ છે. માનવીનો હરકોઈ વ્યવહાર મન દ્વારા થાય છે તે સુસંસ્કારો કે કુસંસ્કારોનું પોટલું હોઈ શકે. માનવી મનને સમજે, મનને જીતે અને મન પર અંકુશ રાખે તો દુનિયા જીતી શકે છે. મનને સમજવાથી તેના થતાં સુકૃત્યો અને દુષ્કૃત્યોનું પરિણામ સમજવાથી, આત્મ સ્વરૂપ સમજાય છે. પોતાને સમજે છે તેજ બીજા ને સમજી શકે છે. એમ કહેવાય છે કે મિત્રો માણસ તનથી વધુ પાપ કરતો નથી. મનથી વધુ પાપ કરે છે માટે મનને પવિત્ર રાખવા હંમેશા પ્રયત્ન કરવો જોઈએ. ગીતામાં પણ કહ્યું છે કે જેણે પોતાનું મન જીત્યું છે તેને પરમાત્મા પ્રાપ્ત થાય છે. કારણ કે તે પરમ શાંતિ પામે છે. આવો મનુષ્ય ટાઢ-તડકામાં, સુખ-દુઃખમાં તેમજ માન-અપમાનમાં એક સરખો ભાવ અનુભવી સ્થિર રહે છે. મિત્ર, શત્રુ, તટસ્થ, નિષ્પક્ષ, મધ્યસ્થ, દ્રેષપાત્ર, સ્વજનો પવિત્ર અને પાપીજનો સૌ પ્રત્યે જે મનથી સમાન ભાવ રાખે છે તે મનુષ્ય સૌથી ચઢિયાતો (શ્રેષ્ઠ) છે. જયારે જીવ એક શરીરને છોડીને બીજું શરીર મેળવે છે ત્યારે જેમ વાયુ ફૂલ પાસેથી ગંધ લઈ જાય છે તેમને મન અને ઈન્દ્રિયોને એટલે કે જીવનના જુદા જુદા ખ્યાલોને પણ સાથે લઈ જાય છે.

મન જ્યાં સુધી સાંસારિક વિષયોનું ચિંતન કરે છે. ત્યાં સુધી તે માયાના બંધનથી બંધાયેલું રહે છે અને ચોરાસી લાખ યોનિઓમાં ભટક્યાં કરે છે. તે જયારે સાંસારિક ચિંતાને છોડીને ભગવાનને ચિત્તમાં ધારણ કરે છે. ત્યારે તે આ સંસારના જન્મ અને મૃત્યુના ચક્કરમાંથી મુક્ત થઈ જાય છે. પુનઃજન્મનું મુખ્ય કારણ મનની આસક્તિ છે. પુનઃજન્મનું આ રહસ્ય છે.

મિત્રો ભગવદ્ગીતા એ ભારતીય સંસ્કૃતિનો સારભૂત ગ્રંથ છે. આજે ભગવદ્ગીતાને ૫૧૫૧ વર્ષ પૂરાં થયા છે. આજે આટલા વર્ષો પછી પણ ગીતાને આધારે ભારતીય સંસ્કૃતિ જીવંત રહી શકે છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ભગવદ્ગીતામાં વ્યવહાર અને તત્ત્વજ્ઞાનનો સુમેળ છે. માનવજીવનને સ્પર્શતા સનાતન પ્રશ્નોની વિચારણા સાથે તેનો ઉકેલ પણ ગીતામાં છે. ગીતાના ઉન્નત દાર્શનિક વિચારો સમગ્ર માનવજીવનને ઉપયોગી હોવાથી આ ગ્રંથે સમગ્ર વિશ્વના આધ્યાત્મિક સાહિત્યમાં ગૌરવપ્રદ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ગીતા એ ફક્ત હિન્દુઓનો ધર્મગ્રંથ માત્ર નથી. કર્મનો સિધ્ધાંત સમજાવતી ગીતા આ ધરતી પર જીવતી સમગ્ર માનવજાતને જીવન જીવવાનો માર્ગ સૂચવે છે. મિત્રો આપણી કમનસીબી એ છે કે પશ્ચિમના દેશોની બિઝનેસ સ્કૂલોમાં નેતૃત્વની તાલીમ માટે ભગવદ્ગીતાના પાઠ ભણાવવામાં આવે છે. ત્યારે ભારતના દંભી સેક્યુલરિસ્ટો તેને હિન્દુ ધર્મગ્રંથ કહી તેની આભડછેટ રાખે છે. ભગવદ્ગીતા એટલે ભગવાનથી ગવાયેલી "ગીતા" એ ગીતા ઉપનિષદ્નું ટૂંકું રૂપ છે. ગીતા મહાભારતનો એકભાગ છે. ગીતામાં ૧૮ અધ્યાયો અને ૭૮૦ શ્લોકો છે.

દુનિયામાં લગભગ તમામ ધર્મોમાં એવા વિદ્વાનો થયા છે જેઓએ ગીતાને એક અદ્ભૂત રચના માની છે. આ ગ્રંથ કોઈ ધર્મનો નથી કે કોઈ દેશ-પ્રાંતને લગતો નથી. ભગવદ્ ગીતા તમામ ધર્મોનો આદર્શ અને આધારભૂત ગ્રંથ છે. જે જિંદગીમાં અનાસક્ત કર્મયોગના મહત્ત્વને રેખાંકિત કરે છે. ભગવદ્ગીતા માત્ર હિન્દુઓનું ધાર્મિક પુસ્તક છે. એવું વિચારનારાઓની સંકુચિતતા ઉપર દયા આવે. આ પુસ્તક જીવન જીવવાની કળા શીખવતું પુસ્તક છે અને વિશ્વના શ્રેષ્ઠ પુસ્તકોમાં એની ગણના કરવી પડે તેમ છે. આજે શ્રીમદ્ ભગવદ્ગીતા આપણે આદિથી અંત સુધી અભ્યાસ કરી એ તો આપણે એ નિષ્કર્ષ પર પહોંચીશું કે તેનો ઉદેશ મનુષ્ય દેહ અને આત્માનો અથવા ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો ભેદ બતાવી આત્મામાં સ્થિર કરવો તથા તેના પરમાત્માનો પરિચય આપીને ફરીથી સંદેહ રહિત નષ્ટ મોહ તેમજ સ્મૃતિ લંબ્ધ બનાવવાનો છે.

**ક્રમશઃ**

**'कुम्भ-महापर्व'** भारत की अति-प्राचीन परम्परा है। यह पर्व भारत की प्राचीन गौरवमयी वैदिक संस्कृति एवं सभ्यता का प्रतीक है । भगवान् आदि शङ्कराचार्य ने भी वैदिक काल से प्रचलित **'कुम्भ पर्व'** की परम्परा का उद्धार व प्रचार किया । मूल रूप में **'कुम्प पर्व'** की प्राचीन परम्परा मनुष्य के द्वारा अमरत्व की इच्छा व धर्म से जुडी हुई है । **'धर्मो विश्वस्य जगतः प्रतिष्ठा'** धर्म के आधार पर ही समस्त मानव समाज प्रतिष्ठित है । धर्म ने ही मानव-समाज को एकसूत्र में बांध रखा है । इसी प्रकार हिन्दू धर्म का प्रतीक कुम्भ पर्व है । इस महापर्व के अवसर पर सारे भारत से ही नहीं अपितु विश्व के अनेक देशों से ऋषि-महर्षि, साधु-सन्त, धर्म-गुरू अपने श्रीमुख से अमृत्व को प्रवाहित करते है इनके अमृत वचनों का श्रवण करके-असंख्य धर्मपरायण श्रद्धालुगण धन्य होते हैं ।

**स्कन्दपुराण मे वर्णित कथानुसार** - एक समय भगवान विष्णु के निर्देशानुसार देवों व असुरों ने मिलकर अमृत कुम्भ प्राप्ति के लिये क्षीरोद्सागर में **'मन्दराचल पर्वत'** एवं **'वासुकि'** नाग के द्वारा समुद्र मन्थन किया जिससे धन्वन्तरि के हाथों में शोभायमान 'कुम्भ' उत्पन्न हुआ जो मुख तक **'अमृत'** से पूर्ण तथा भरा हुआ था । देवताओं के संकेत पर इन्द्र पुत्र **'जयन्त'** अमृत कुम्भ को लेकर बडे वेग से भागने लगे । दैत्यगण जयन्त का पीछा करने लगे । अमृत प्राप्ति के लिये देवताओं और राक्षसों के मध्य बारह दिव्य दिनों तक भयंकर युद्ध हुआ । इस युद्ध में **'अमृत कुम्भ'** की रक्षा करते समय पृथ्वी के जिस-जिस स्थानों पर अमृत की बूंदें गिरी थी, उस-उस स्थान (**प्रयाग, हरिद्वार, उज्जैन, नासिक**) पर कुम्भ महापर्व मनाया जाता है ।

पुराणानुसार **'अमृत कुम्भ'** की रक्षा में **बृहस्पति, सूर्य व चन्द्रमा** ने विशेष सहायता की थी । इसी कारण सूर्य, चन्द्र और वृहस्पति-तीनों ग्रहों के विशेष योग से ही कुम्भ महापर्व आयोजित होता है ।

**कुम्भ (सिंहस्थ) महापर्व-उज्जैन** शास्त्रानुसार जब वैशाखी पूर्णिमा के दिन गुरू सिंह राशि मे हो, तब उज्जैन मे कुभ महापर्व का योग होता है-

**मेषराशिगते सूर्ये सिंहराशौ बृहस्पतौ । उज्जयिन्यां भवेत्कुम्भः सर्वसौख्यविर्धनः ॥**

स्कन्दपुराण में भी आया है-

**माधव धवले पक्षे सिंहे जीवे अजे रवौ । तुलाराशौ निशानाथे पूर्णायां पूणिमातिथौ ।**
**उज्जयिन्यां तथा कुम्भ योग जातः क्षमातले ॥**

उपरोक्त ग्रहयोग २१ मई २०१६ शनिवार (वैशाख पूर्णिमा) को घटित हो रहा है । जिससे उज्जैन में कुम्भ महापर्व का योग बन रहा है । मुख्यत: देवगुरू बृहस्पति के सिंह राशिकालीन ही यह महापर्व घटित होता है । इस कारण इसे **'सिंहस्थ महापर्व'** भी कहा जाता है ।

## *कुम्भ-महापर्व (उज्जैन) का महात्म्य*

कल्पभेद से उज्जैन के दुसरे एवं पौराणिक नाम अवन्तिकापुरी, महाकालपुरी, उज्जयिनी, कुशस्थली, विशाला और अमरावती भी है । महाकालपुरी का नाम प्रत्येक युग में परिवर्तित होता रहता है । स्कन्द पुराण के अनुसार-

**कल्पे कल्पेऽखिलं विश्वं कालयेद्या स्वलीलया । तं कालं कालयित्वा यो महाकालोऽभवत्किल ॥**

उज्जैन को पृथ्वी का नामिदेश कहा गया है । द्वादश ज्योतिर्लिङ्गों में महाकाल यहीं है यह सप्तपुरियों में एक पुरी है । क्षिप्रा नदी सर्वत्र पुण्यदायिनी, अतिशय पवित्र तथा पापहारिणी है । परन्तु अवन्तिकापुरी (उज्जैन) में उसका महत्व बहुत बढ जाता है । जो मनुष्य क्षिप्रा नदी में स्नान करते है वो सम्पूर्ण कामनाओं को पा लेते हैं ।

तद्नुसार विक्रम संवत् २०७३ के वैशाख मास में उज्जैन का सिंहस्थ (कुम्भ) महापर्व का योग प्राप्त हो रहा है । पर्व की अवधि चैत्र शुक्ल पूर्णिमा शुक्रवार २२ अप्रैल २०१६ से वैशाख शुक्ल पूर्णिमा शुक्रवार २१ मई २०१६ तक रहेगा ।

# સિંહસ્થ મહાપૂર્ણ – કુંભ મેલા ઉજ્જૈન–૨૦૧૬

ધર્માનુરાગી ભક્તજનોને સહર્ષ જણાવવાનું કે સંપૂર્ણ ભૂમંડળમાં સર્વશ્રેષ્ઠ પરમ પવિત્ર ભારતની દિવ્ય ભૂમિમાં મનુષ્ય માત્રનું કલ્યાણ કરવા માટે હરદ્વાર-પ્રયાગ-ઉજ્જૈન અને નાસિક-ત્ર્યંબકમાં કુંભપર્વ થાય છે. અથર્વ વેદમાં કહ્યું છે કે **''ચતુરઃ કુંભાશ્ચતુ઼ ધાદદામિ''** આ ચાર સ્થાનમાં કુંભ પર્વ આપું છું. તો આ વર્ષ ઉજ્જૈનમાં સિંહસ્થપૂર્ણ કુંભ મેળો છે. એમાં અનેક મહાપુરૂષો સંતો દેશ-વિદેશમાંથી સમાજ, રાષ્ટ્ર અને ધર્મની અભિવૃદ્ધિ કરવા માટે વેદાંદી શાસ્ત્રોનો અમૃતમય ઉપદેશ આપવા પધારે છે.

**''मेष राशिमते सूर्ये सिंह राशौ बृहस्पतै । उज्जैयिन्यां भवेत्कुंभ सर्व सौख्य विवर्धनः ॥''**

જ્યારે મેષ રાશિમાં સૂર્ય હોય અને સિંહ રાશિમાં બૃહસ્પતિ હોય ત્યારે ઉજ્જૈનમાં સર્વ પ્રકારનું સુખ પ્રદાન કરવાવાળો પૂર્ણ કુંભ મહાપર્વ આવે છે. સન્ ૨૦૧૬ માં ઉજ્જૈનમાં તા. ૧૧-૪-૨૦૧૬ ચૈત્ર સુદ પાંચમને સોમવારથી તા. ૨૧-૫-૨૦૧૬ વૈશાખ સુદ પૂર્ણિમા શુક્રવાર સુધી કુંભ મહાપર્વ છે. **પરમ પૂજ્ય શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય અનંતશ્રી વિભૂષિત સચ્ચિદાનંદ સ્વરૂપ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રી**ની અસીમ કૃપાથી અને **પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મ સ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી**ના આશિર્વાદથી **પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી**ની અધ્યક્ષતામાં આ આયોજન કરવામાં આવ્યું છે.

વિશેષ :- ઉજ્જૈન પૂર્ણકુંભ પર્વમાં પાપ નાશીની ક્ષિપ્રા નદીમાં ભાવનાથી સ્નાન કરવાથી પુણ્યનાં ભાગીદાર થવાય છે. દાન-પુણ્ય કરવાથી, સેવા કરવાથી, સાધુ-સંતોના દર્શન કરવાથી અન્તઃકરણ શુદ્ધ થાય છે. મહાપુરૂષોના જ્ઞાનો ઉપદેશથી ધર્મ-અર્થ-કામ અને મોક્ષના ભાગીદાર થવાય છે. કુંભ પર્વમાં **શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિર** તા.૧૧-૪-૨૦૧૬ થી તા.૨૧-૫-૨૦૧૬ સુધી અન્નક્ષેત્ર, ઔષધાલય, પરબ વગેરેનું આયોજન કરેલ છે. તો યથા શક્તિ સર્વ પ્રકારે સહકાર આપી પુણ્યનાં ભાગીદાર બનશો. (દાન આપી પહોંચ મેળવવી.)

## :: કુંભ પર્વના સ્નાન તથા કાર્યક્રમ (૨૦૧૬ સિંહસ્થ પૂર્ણ કુંભ મેળો ઉજ્જૈન) ::

- તા. ૧૦-૦૪-૨૦૧૬ રોજ સાંજે પ.પૂ.મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રી વડોદરાથી રેલ્વે દ્વારા નિકળશે.
- તા. ૧૧-૦૪-૨૦૧૬ સવારે ૫.૦૦ વાગે ઉજ્જૈન પહોંચશે.
- તા. ૧૧-૦૪-૨૦૧૬ સોમવાર સિંહસ્થ પૂર્ણ કુંભમેળામાં છાવણી પ્રવેશ.
- તા. ૧૪-૦૪-૨૦૧૬ ગુરૂવાર સંતોને સમષ્ટિ ભંડારો.
- તા. ૨૨-૦૪-૨૦૧૬ શુક્રવાર ચૈત્રી સુદ પૂનમ પ્રથમ શાહી સ્નાન.
- તા. ૦૯-૦૫-૨૦૧૬ સોમવાર વૈશાખ સુદ અખાત્રીજ બીજુ શાહી સ્નાન.
- તા. ૧૭-૦૫-૨૦૧૬ મંગળવાર વૈશાખ સુદ ૧૧ પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીનો '૧૬' મો નિર્વાણ જયંતિ મહોત્સવ.
- તા. ૨૧-૦૫-૨૦૧૬ શનિવાર વૈશાખ પૂનમ ત્રીજુ શાહી સ્નાન


### :: ઉજ્જૈન શિબિરનું સરનામુ ::

પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ
શ્રી સચ્ચિદાનંદ સત્સંગ શિબિર (કુંભમેળા) પ્લોટ નં. ૪૨-૪૩, સદાવલ રોડ, રામબાગ પાછળ,
નિરંજની અખાડાની સામે વાળો રોડ, ઉજ્જૈન, મધ્યપ્રદેશ. મો. ૯૮૯૮૩ ૭૬૬૬૧, ૯૮૨૫૫ ૫૨૫૭૦

# રેલ્વે ટાઈમ-ટેબલ

| વડોદરા રેલ્વે સ્ટેશનથી ઉજ્જૈન જવા માટે | | | | | |
|---|---|---|---|---|---|
| ગાડી નં. | ગાડીનું નામ | વડોદરા થી ઉજ્જૈન | સમય | પ્લેટ ફોર્મ | વાર |
| ૧૯૪૨૧ | પટના એક્સ. | અમદાવાદ પટના | ૨૩.૫૯ | ૭ | રવિ |
| ૨૨૮૨૯ | શાલીમાર એક્સ. | ભૂજ શાલીમાર | ૨૩.૪૦ | ૩ | મંગળ |
| ૨૨૯૦૯ | પુરી એક્સ. | વલસાડ પુરી (જગન્નાથ) | ૨૩.૦૫ | ૬ | ગુરૂ |
| ૧૯૧૬૭ | સાબરમતી એક્સ. | અમદાવાદ વારાણસી | ૨૩.૧૦ | ૭ | સોમ,મંગળ,ગુરૂ,શનિ |
| ૧૯૧૬૫ | દરભંગા એક્સ. | અમદાવાદ દરભંગા | ૨૩.૧૦ | ૭ | રવિ, બુધ, શુક્ર |
| ૧૯૩૦૯ | શાંતિ એક્સ. | ગાંધીનગર ઈંદોર | ૨૨.૦૨ | ૭ | દરરોજ |
| ૧૧૪૬૩ | જબલપુર એક્સ. | સોમનાથ જબલપુર | ૨૧.૦૬ | ૪ | રવિ,મંગળ,બુધ,ગુરૂ,શુક્ર |
| ૧૧૪૬૫ | જબલપુરએક્સ. | સોમનાથ જબલપુર | ૨૧.૦૬ | ૪ | સોમ, શનિ |
| ૧૯૦૫૩ | મુજફ્ફપુર એક્સ. | સુરત મુજફ્ફપુર | ૭.૩૨ | ૪ | શુક્ર |
| ૧૫૦૪૬ | ગોરખપુર એક્સ. | ઓખા ગોરખપુર | ૭.૩૨ | ૩ | સોમ |
| ૧૨૨૨૭ | દુરંતો એક્સ. | મુંબઈ ઈંદોર | ૪.૦૫ | ૪ | રવિ, શુક્ર |
| ૧૨૯૬૧ | અવંતિકા એક્સ. | મુંબઈ ઈંદોર | ૧.૧૧ | ૬ | દરરોજ |
| ૨૨૯૪૩ | પુના એક્સ. | પુના ઈંદોર | ૧.૦૦ | ૩ | રવિ,મંગળ,બુધ,શુક્ર,શનિ |
| ૧૨૯૩૯ | એક્સ. | ગાંધીધામ હાવડા | ૧.૩૫ | ૪ | રવિ, સોમ, ગુરૂ |
| ૧૧૧૦૧ | ગ્વાલિયર એક્સ. | પુના ગ્વાલિયર | ૧૦.૦૦ | ૪ | સોમ |
| ઉજ્જૈન રેલ્વે સ્ટેશનથી વડોદરા જવા માટે | | | | | |
| ગાડી નં. | ગાડીનું નામ | વડોદરા થી ઉજ્જૈન | સમય | પ્લેટ ફોર્મ | વાર |
| ૧૯૪૨૨ | પટના એક્સ. | પટના અમદાવાદ | ૧.૦૫ | | બુધ |
| ૨૨૮૩૦ | શાલીમાર એક્સ. | શાલીમાર ભૂજ | ૦૦.૫૦ | | સોમ |
| ૨૨૯૧૦ | વલસાડ એક્સ. | પુરી (જગન્નાથ) વલસાડ | ૧૦.૪૫ | | સોમ |
| ૧૯૧૬૮ | સાબરમતી એક્સ. | વારાણસી અમદાવાદ | ૧૮.૫૦ | | સોમ, બુધ, શુક્ર, શનિ |
| ૧૯૧૬૬ | દરભંગા એક્સ. | દરભંગા અમદાવાદ | ૧૮.૫૦ | | મંગળ, ગુરૂ, રવિ |
| ૧૯૩૧૦ | શાંતિ એક્સ. | ઈંદોર ગાંધીનગર | ૦૦.૩૦ | | દરરોજ |
| ૧૧૪૬૪ | જબલપુર એક્સ. | જબલપુર સોમનાથ | ૨૨.૫૫ | | રવિ,મંગળ,બુધ,ગુરૂ,શુક્ર |
| ૧૧૪૬૬ | જબલપુરએક્સ. | જબલપુર સોમનાથ | ૨૨.૫૫ | | સોમ, શનિ |
| ૧૯૦૫૪ | મુજફ્ફપુર એક્સ. | મુજફ્ફપુર સુરત | ૯.૧૫ | | મંગળ |
| ૧૫૦૪૫ | ગોરખપુર એક્સ. | ગોરખપુર ઓખા | ૯.૧૦ | | શુક્ર |
| ૧૨૨૨૮ | દુરંતો એક્સ. | ઈંદોર પુના | ૦.૨૦ | | સોમ, શનિ |
| ૧૨૯૬૨ | અવંતિકા એક્સ. | ઈંદોર મુંબઈ | ૧૭.૫૫ | | દરરોજ |
| ૨૨૯૪૪ | પુના એક્સ. | ઈંદોર પુના | ૧૬.૦૫ | | રવિ,સોમ,બુધ,ગુરૂ,શુક્ર |
| ૧૯૪૧૪ | કલકત્તા એક્સ. | કલકત્તા અમદાવાદ | ૧૧.૦૦ | | |
| ૧૧૧૦૨ | ગ્વાલિયર એક્સ. | ગ્વાલિયર પુના | ૨.૧૦ | | રવિ |

# સત્સંગ સમાચાર (પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજનો કાર્યક્રમ)



### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (દડવા (રાંદલના))

- કથા પ્રારંભ : ફાગણ સુદ ૫ ને રવિવાર તા. ૧૩-૦૩-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : ફાગણ સુદ ૯ ને ગુરૂવાર તા. ૧૭-૦૩-૨૦૧૬
- કથા પૂર્ણાહૂતિ : ફાગણ સુદ ૧૧ ને શનિવાર તા. ૧૯-૦૩-૨૦૧૬
- આયોજક : સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ, મહિલા મંડળ.
- કથા સ્થળ : મુ. દડવા (રાંદલના), તા. ઉમરાળા, જી. ભાવનગર.

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (વડોદરા)

- કથા પ્રારંભ : ફાગણ વદ ૬ ને મંગળવાર તા. ૨૯-૦૩-૨૦૧૬
- કૃષ્ણ જન્મોત્સવ : ફાગણ વદ ૧૦ ને શનિવાર તા. ૦૨-૦૪-૨૦૧૬
- કથા પૂર્ણાહૂર્તિ : ફાગણ વદ ૧૨ ને સોમવાર તા. ૦૪-૦૪-૨૦૧૬
- આયોજક : શ્રી રમેશભાઈ મોહનભાઈ ઝાલા, શ્રી રવજીભાઈ વાળા, મો. ૯૯૨૫૫ ૫૮૭૫૪
- કથા સ્થળ : એ-૧૮૧, વ્રજધામ સોસાયટી, જામ્બવા જકાતનાકા પાસે, બજેશ્વર મહાદેવ મંદિર સામે, કોમન પ્લોટમાં, ગાયત્રી સોસાયટીની બાજુમાં, મું. વડોદરા.




### પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજનો કાર્યક્રમ

- તા. ૧૨-૦૩-૨૦૧૬ થી અમદાવાદ.
- આંતરરાષ્ટ્રીય માધવાનંદ આશ્રમમાં નિયમીત ઉજવાતી પૂનમ તા. ૨૩-૦૩-૨૦૧૬ ના ધૂળેટીના દિવસે ઉજવવામાં આવશે.
- ખાસ નોંધ : આ પૂનમ ઈસનપુર મોટા ગામના સમસ્ત સેવક સમુદાય તરફથી ઉજવવામાં આવશે.

## ઉજ્જૈનનાં દાર્શનીક સ્થળો

| | | | |
|---|---|---|---|
| ✿ શ્રી ચિંતામણ ગણેશ | ✿ શ્રી રામજાનાર્દન મન્દિર | ✿ ગઢકાલિકા મન્દિર | ✿ શ્રી કાલભૈરવ મન્દિર |
| ✿ શ્રી મહાકાલેશ્વર મન્દિર | ✿ નગરકોટની રાનીનું મંદિર | ✿ શ્રી ગોપાલ મન્દિર | ✿ ઈસ્કૉન મન્દિર |
| ✿ હરસિદ્ધિ મન્દિર | ✿ ચૌબીસ ખમ્બા માતા મન્દિર | ✿ મંગલનાથ મન્દિર | ✿ પીર મત્સ્યેન્દ્રનાથ |
| ✿ મોટા ગણપતિનું મન્દિર | ✿ ત્રિવેણી નવગ્રહ મન્દિર | ✿ સાંદિપની આશ્રમ | ✿ શ્રી સિદ્ધવટ મન્દિર |

## સત્સંગ સમાચાર  પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- તા. ૧૦-૩-૨૦૧૬ કંથારીયા નિર્વાણ તિથી પૂર્ણ થયા બાદ બપોર પછી ધર્મજ.
- તા. ૧૩-૩-૨૦૧૬ વડદલા.
- તા. ૧૬-૩-૨૦૧૬ નાર.
- તા. ૧૯-૩-૨૦૧૬ ચાણોદ.
- તા. ૨૧-૩-૨૦૧૬ સુરત.
- તા. ૨૭-૩-૨૦૧૬ ચાણોદ.
- તા. ૧૦-૪-૨૦૧૬ ઉજ્જૈન કુંભમેળામાં.

**:: ખાસ સુચના ::**
ઉજ્જૈન કુંભમેળામાં પ્રવેશ માટે પાસપોર્ટ સાઈઝનો ૧ ફોટો અને આધાર કાર્ડ અથવા ચુંટણી કાર્ડ સાથે લાવવું અને નીકળતા પહેલા બે દિવસ અગાઉ ફોન કરવો.








જય શ્રી સચ્ચિદાનંદ સાથ જણાવવાનું કે પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ **અનન્ત શ્રી વિભુષિત સદ્‌ગુરૂ સ્વામીશ્રી માધવાનંદજી** મહારાજશ્રીની અસીમ કૃપાથી તેમજ પ.પૂ. પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ **શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી** મહારાજશ્રીના શુભ આશિર્વાદ થી પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ **શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી શિવોહંસાગરજી** મહારાજશ્રીનો

# "૩૯મો નિર્વાણ જયંતિ મહોત્સવ"

સંવત ૨૦૭૨ ફાગણ સુદ બીજને ગુરૂવાર તા. ૧૦-૦૩-૨૦૧૬ના રોજ તેવો શ્રીની જ પરમ પવિત્ર અને પાવનકારી પ્રાગટ્ય ભુમિ એવા કંથારીયાધામના આંગણે પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ **પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ** વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.

તો આ શુભ પ્રસંગે સંતો-મહંતો તથા વિદ્વાન મહાપુરૂષો પધારશે તો આ મંગળમય પ્રસંગે ઉપસ્થિત રહી પૂજન - અર્ચન દર્શન તથા આશિર્વચન નો અમૂલ્ય લાભ લેવા સર્વે ભાવિક ભાઈ-બહેનોને ભાવભર્યુ નિમંત્રક છે. તો અવશ્ય લાભ લેવા પધારશોજી.

**: નિમંત્રક :**
ગં.સ્વ. શારદાબેન શાન્તીલાલ પટેલ

**: સ્થળ :**
મુ. કંથારીયા, તા. આંકલાવ, જી. આણંદ.

પ.પૂ. શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી આત્માનંદજી મહારાજશ્રીનો ૭૮ મો નિર્વાણ જયંતિ ઉત્સવ ગામ લીંબાસી પોષ વદ ૧૦ ને બુધવાર તા ૩-૨-૧૬ના શુભ દિવસે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં તેમજ સંતો મહંતો તથા સેવક સમુદાયની હાજરીમાં ઉજવાયો છે.






પ.પૂ. શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી નાગેશ્વરાનંદજી મહારાજશ્રીનો ૯૪ મો નિર્વાણ જયંતિ ઉત્સવ ગામ ભુવાલડી મહાસુદ ૯ ને મંગળવાર તા ૧૬-૨-૧૬ના શુભ દિવસે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં તેમજ સંતો તથા સેવક સમુદાયની હાજરીમાં ઉજવાયો છે.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**




પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી ગામ જાળીલા તા. રાણપુર તા. ૧૮-૨-૧૬ બપોર પછીથી તા. ૨૦-૨-૧૬ બપોર સુધી વેદાંત સત્સંગનો લાભ આપ્યો હતો.

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**"વેદ રહસ્ય કાર્યાલય"**
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-